
પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૧૦૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૮-૧૨-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 107 PRICE :-RS. 1.50 DATE : 28-12-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પાંચ રાજયોની વિધાનસભાની ચુંટણી ક્યારે જાહેર કરવી તે પાંચ જાન્યુઆરી બાદ નક્કી કરાશે



નવીદિલ્હી, દેશમાં ઓમિક્રોન ખતરાની વચ્ચે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજવી કે નહીં તે અંગે નિર્ણય લેવા માટે ચૂંટણી પંચની મોટી બેઠક મળી હતી. ચૂંટણી પંચ સાથેની બેઠકમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોન સંબંધિત તમામ જાણકારી ચૂંટણી પંચને આપી. તેમણે પંચને જણાવ્યું કે હાલમાં કોરોના કાબુમાં છે અને વૈશ્વિક સ્તરે મળેલી માહિતી પ્રમાણે ઓમિક્રોન ઘાતક નથી પરંતુ ઝડપથી ફેલાય છે. તેથી બચાવના સાધનની ઉપરાંત સતર્કતા સંબંધી પગલાં ભરવાની જરુરર છે.

રાજેશ ભૂષણે જણાવ્યું કે કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટ પર જલદીથી કાબૂ મેળવવા માટે રાજ્ય સરકાર તમામ પ્રકારના જરુરી પગલાં ઉઠાવી રહી છે. તેમણે કહ્યું કે જે રાજ્યોમાં ચૂંટણી છે ત્યાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સ્વાસ્થ સચિવ રાજેશ ભૂષણ દ્વારા આપવામાં આવેલી માહિતી બાદ ચૂંટણી પંચે સ્વાસ્થ સચિવને વિસ્તૃત રિપોર્ટની સાથે જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં બેઠક કરવાનું કહ્યું છે. ચૂંટણી કમિશનરે કહ્યુ કે જે રાજ્યોમાં ચૂંટણી છે તેનો પૂરો રિપોર્ટ, વેક્સિનેશનની સ્થિતિ તે અંગેની ૫ જાન્યુઆરીએ બેઠક યોજાશે જે પછી નક્કી થશે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ક્યારે યોજાશે. ચૂંટણી પંચે એવો નિર્ણય લીધો છે કે ૫ જાન્યુઆરી બાદ નક્કી થશે કે પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી ક્યારે યોજવી.આ બેઠકના થોડા દિવસ પહેલાં જ અલાહાબાદ હાઈકોર્ટે ચૂંટણીપંચ અને વડાપ્રધાનને અપીલ કરી હતી કે કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનના જોખમને ધ્યાનમાં રાખીને રેલીઓ અને રોડ શો પર પ્રતિબંધ લગાવવામાં આવે અને શક્ય હોય તો ચૂંટણીઓને પણ થોડી પાછળ ઠેલવી જોઈએ.

જોકે આ વિશે અલાહાબાદ હાઈકોર્ટે હજી સુધી કોઈ ઓફિશિયલ આદેશ આપ્યા નથી, પરંતુ તેમણે ચૂંટણીપંચ અને વડાપ્રધાનને અપીલ કરી છે. એને આધારે ચૂંટણીપંચ પર પણ જવાબદારી વધી ગઈ છે, કારણ કે હવે તેણે એ નક્કી કરવાનું છે કે ઓમિક્રોનના જોખમ વચ્ચે ચૂંટણી કરવી છે તો એ કેવી રીતે કરી શકાય. બંગાળ ચૂંટણી દરમિયાન પણ ચૂંટણીપંચે કોરોના પ્રોટોકોલનું પાલન કરવાના આદેશ આપ્યા હતા, પરંતુ તે આદેશોનો જાહેરમાં ભંગ કરાયો હતો.

## બાળકોને કોરોનાની રસી આપવાનો સરકારનો નિર્ણય ખોટો, જોખમ વધી શકેઃ એઈમ્સ

નવીદિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી કે ૩ જાન્યુઆરીથી ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને કોરોનાની રસી આપવામાં આપશે. એક તરફ જ્યાં મોટાભાગના નિષ્ણાતો સરકારના આ નિર્ણયની પ્રશંસા કરી રહ્યા છે, જ્યારે બીજી તરફ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ(એઈમ્સ)ના વરિષ્ઠ મહામારી નિષ્ણાત અને હોસ્પિટલમાં વયસ્કો અને બાળકો પર થયેલા કોવેક્સીન ટ્રાયલના મુખ્ય તપાસકર્તાએ સરકારના આ નિર્ણય સામે વાંધો જાહેર કર્યો છે.

ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશનના પ્રમુખ ડો.સંજય કે.રાયે કહ્યું કે આ નિર્ણય અમલ કરતા પહેલા એ દેશોના આંકડાનું વિશ્લેષણ કરવું જોઈએ, જેમણે પહેલાથી જ બાળકોનું રસીકરણ શરુ કરી દીધું છે. વડાપ્રધાન મોદીએ જાહેરાત કરતી વખતે એમ કહ્યું હતું કે, આ નિર્ણયથી સ્કૂલ જતા વિદ્યાર્થીઓ અને બાળકોની ચિંતા ઓછી થશે. જોકે, એઈમ્સના નિષ્ણાતોએ એમ કહ્યું કે, બાળકોને રસી આપવાથી ફાયદો ઓછો થશે, પરંતુ જોખમ વધુ છે.

ડો.રાયે પીએમઓ ને ટેગ કરીને ટ્વીટ કર્યું કે, હું વડાપ્રધાન મોદીની નિસ્વાર્થ દેશસેવા અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણયથી તેમનો મોટો ચાહક છું. પરંતુ બાળકોને રસી આપવાના તેમના અવૈજ્ઞાનિક નિર્ણયથી સંપૂર્ણ રીતે નિરાશ છું. તેમણે ઉમેર્યું હતું કે કોઈ પણ દરમિયાનગીરી માટે હેતુ સ્પષ્ટ હોવો જોઈએ. તેનો હેતુ બીમારીને અટકાવવા, તેની ગંભીરતા ઘટાડવા અથવા મૃત્યુથી બચાવવાનો હોવો જોઈએ. પરંતુ રસી અંગે અમારી પાસે જે માહિતી છે તે ચેપને અટકાવવામાં સક્ષમ નથી.

## હવે GST રીફંડમાં આધાર ઓથેંટિકેશન ફરજીયાત થશે

નવીદિલ્હી, આગામી તા.૧થી જીએસટીના દર તથા પ્રક્રિયામાં આવી રહેલા ફેરફારનો એક માત્ર હેતુ કરચોરી ડામવાનો છે.દેશમાં જીએસટીના આગમન પછી પણ આ ઓનલાઈન સીસ્ટમને છેતરીને બોગસ બિલીંગ વિ.ની મોટાપાયે સરકારની આવકમાં ગાબડું પાડવામાં આવતું હતું અને એક સરકારી અંદાજ મુજબ દર મહીને રૂા.૨૦૦૦ કરોડની કરચોરી આ સીસ્ટમ મારફત થતી હતી પણ તેની સાથે સરકારે ટેક્ષટાઈલ અને પગરખા અંગેના જીએસટી દરોમાં ફેરફાર કર્યા છે તેની સામે વ્યાપક વિરોધ સર્જાયા છે.

જીએસટીના માળખામાં ફેરફારથી મેસેન્જર સેવા જે ઓનલાઈન પ્લેટફોર્મ હેઠળ મળે છે તે મોંઘી થશે. નવા વર્ષથી ઓનલાઈન માધ્યમથી રીક્ષા સેવા પણ જે પુરી પાડવામાં આવે છે તેના પર ૫% જીએસટી લાગશે. જો કે તમો રોડ પરથી કોઈ રીક્ષા ભાડે કરો તો તેમાં કોઈ પ્રકારનો જીએસટી લસુલાશે નહી. આવી જ રીતે ફુડ ડીલીવરી ઓનલાઈન પ્લેટફોર્મમાં ફકત જીએસટી જવાબદારી શિફટ થઈ છે તેથી ગ્રાહકોને કોઈ વધારાના દામ ચુકવવાના રહેશે નહી.

હાલ ઓનલાઈન ફુડ ડીલીવરી પર હોટલ રેસ્ટોરા ૫% જીએસટી વસુલીને પછી તે કર સરકારમાં જમા કરાવતા હતા પણ સરકારના ધ્યાનમાં આવ્યું કે બીલીંગ કર્યા વગર કે પછી બોગસ બિલીંગથી રેસ્ટોરા સંચાલકો જીએસટી વસુલીને પણ તે સરકારને ભરતા ન હતા. આથી હવે આ જવાબદારી ઓનલાઈન ફુડ ડીલીવરી કંપનીઓ પર લાદી દેવાઈ છે જેમાં હવે તમો પ્લેટફોર્મ પર ઓર્ડર આપો કે તેમાં કુલ બીલીંગમાં ૫% જીએસટી વસુલાશે અને આ રકમ ફુડ ડીલીવરી કંપની જ સરકારને ભરશે. આથી આ કરચોરીની છટકબારી બંધ થઈ છે પણ ગ્રાહકોને કોઈ વધારાની કિંમત ચૂકવવાની નથી.

જીએસટી કાનૂનમાં એક વધારે ફેરફારમાં જીએસટી રીફંડના દાવા માટે આધાર આઈડેન્ટીફીકેશન ફરજીયાત બન્યુ છે જેના કારણે બોગસ કલેમ અટકશે. સૌથી મહત્વના સુધારા તો ઈનપુટ ટેક્ષ ક્રેડીટમાં કરવામાં આવ્યા છે. ઈનપુટ ટેક્ષ ક્રેડીટ એ જીએસટીમાં ગોટાળા અને બોગસ રીફંડ માટેનું સૌથી મોટું માધ્યમ બની ગયું છે. ઉપરૂંત જે જીએસટી નંબર ધારકે અગાઉના માસનું જીએસટી રીટર્ન ઉબી ભર્યુ નથી કે તેનો ટેક્ષ ભર્યો નથી તો તેને પછીના વર્ષનું જીએસટી રીટર્ન-૧ ફાઈલીંગ કરવા દેવાશે નહી.

એટલે કે તે ઓટોમેટીક જ બ્લોક થઈ જશે. અગાઉ બે માસમાં આ રીટર્ન ફાઈલ કરી શકાતું હતું પણ હવે જે તે માસની તા.૧૧ સુધીમાં જ જીએસટી-ઉબી ભરી દેવાનું રહેશે. અગાઉ વેચાણકર્તા જીએસટી રીટર્ન-૧માં મોટું વેચાણ દર્શાવતા હતા અને જીએસટી આર-૩માં ખરીદનારના વેચાણ ડેટા સાથે તે મેચ થતા ન હતા અને ઈનપુટ ટેક્ષ ક્રેડીટ કલેમ જતી હતી તે દૂષણ બંધ થશે.

## છેલ્લા ૨૦ વર્ષમાં ૬૨ સત્રોમાંથી ૩૨ સત્રો વિવિધ કારણોસર સમય પહેલા સ્થગિત કરવા પડ્યા



નવીદિલ્હી, સંસદનું સત્ર સમય પહેલા સ્થગિત કરવું એ નવી વાત નથી. છેલ્લા પાંચ સિઝનથી આપણે આ જ જોઈ રહ્યા છીએ. હવે રાજ્યસભાના સચિવાલયના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે છેલ્લા ૨૦ વર્ષમાં ૬૨ સત્રોમાંથી ૫૧ ટકા એટલે કે ૩૨ સત્રો વિવિધ કારણોસર સમય પહેલા સ્થગિત કરવા પડ્યા હતા. સંસદના સત્ર દરમિયાન કોઈપણ બિલ કે મુદ્દા પર ચર્ચા કરવાને બદલે હંગામો કરવો એ હવે નવો ટ્રેન્ડ બની ગયો છે.

ખરાબ આચરણને કારણે સમગ્ર શિયાળુ સત્ર માટે સસ્પેન્ડ કરાયેલા ૧૨ વિપક્ષી સાંસદોએ પણ આ કાર્યવાહીનો અંત સુધી વિરોધ કર્યો વિરોધ પક્ષોએ આ નિર્ણયની કાયદેસરતા પર સવાલો ઉઠાવ્યા હતા. જેના કારણે સંસદ સત્રની કાર્યવાહી પણ ખોરવાઈ ગઈ હતી. રાજ્યસભાના અધ્યક્ષ એમ વેંકૈયા નાયડુએ ૨૨ ડિસેમ્બરે શિયાળુ સત્રની સમાપ્તિ પછી ‘સત્ર સ્થગિતક્ષ કરવાના વલણ પર અહેવાલ માંગ્યો, એક દિવસ પહેલા. જો કે, શિયાળુ સત્ર અગાઉના ચાર કરતા વધુ સારું રહ્યું છે કારણ કે તેમાંના કેટલાકને એક સપ્તાહ અથવા તો ૧૩ દિવસ પહેલા મુલતવી રાખવામાં આવ્યા હતા.

અકાળ મુલતવીના વિશ્લેષણ દર્શાવે છે કે જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૧ દરમિયાન યોજાયેલા ૧૯૩મા સત્રથી, ૬૩ માંથી ૩૨ સત્ર નિર્ધારિત સમય પહેલા સમાપ્ત થયા હતા. આમાં તાજેતરની શિયાળાની ઋતુનો પણ સમાવેશ થાય છે. જ્યારે ૬૩ માંથી ૨૫ સત્રો (૪૦%) પૂર્ણ સમય સુધી ચાલ્યા, જ્યારે ૬ સત્રો (૯%) નિર્ધારિત સમયગાળા કરતાં વધુ ચાલ્યા પછી સમાપ્ત થયા. જો કે, વર્ષ ૨૦૨૦ થી, સંસદ કોવિડ -૧૯ રોગચાળાને કારણે પ્રભાવિત થઈ છે. જેના કારણે ગત વર્ષના બજેટ સત્રનો સમય ૧૩ દિવસ ઓછો કરવામાં આવ્યો હતો.

આ વખતે પણ સંસદનું શિયાળુ સત્ર ઓમિક્રોન વેરિઅન્ટના વધતા કેસ વચ્ચે નિર્ધારિત સમય કરતાં એક દિવસ પહેલા સમાપ્ત થઈ ગયું છે. માહિતી અનુસાર, ‘રાજ્યસભાએ છેલ્લા ૨૦ વર્ષમાં કુલ ૧૦૮ બેઠકો (કુલ નિર્ધારિત બેઠકોના ૭.૪૨%) ગુમાવી છે.ક્ષ નરેન્દ્ર મોદી સરકાર દરમિયાન, જૂન ૨૦૧૪ થી યોજાયેલા ૨૫ સત્રોમાંથી ૧૪ નિર્ધારિત સમય પહેલા સ્થગિત કરવામાં આવ્યા હતા. રાજ્યસભાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, “સત્રની વહેલી સ્થગિત થવાના કારણોમાં વિક્ષેપ, પક્ષો વચ્ચે સમાધાન, સરકાર દ્વારા પ્રસ્તાવિત પ્રસ્તાવ, ચૂંટણી અને રોગચાળો સામેલ છે.”

## રાજ્યમાં કર્ફ્યુની પ્રથમ રાત્રિએ જ પોલીસે વાહનચાલકો પાસેથી મસમોટો દંડ વસૂલ્યો



અમદાવાદ, આપણા દેશમાં નિયમો જાણે તોડવા માટે જ બને છે તેવુ લાગી રહ્યુ છે. જ્યા નો-પાર્કિંગનું બોર્ડ હોય ત્યા જ લોકો વાહન પાર્કિંગ કરે છે, એટલે કે જે નિયમ હોય તેનાથી વિપરીત જ કરવુ લોકોએ જાણએ વિચારી લીધુ છે. તાજુ ઉદાહરણ રાજ્યમાં સરકાર દ્વારા રાત્રિ કર્ફ્યુ લાગુ કર્યા બાદ સામે આવ્યુ છે. જ્યા રાત્રે ૧૧ થી કર્ફ્યુ અમલનાં પ્રથમ દિવસે લોકોએ નિયમભંગ કરવાનું શરૂ કર્યુ છે.

રાજ્યમાં વધતા કોરોનાનાં નવા વેરિઅન્ટ ઓમિક્રોનનાં કેસ અને ત્રીજી લહેરની આશંકા વચ્ચે સરકારે રાત્રિ કર્ફ્યુનાં સમયને લંબાવી કડક બનાવ્યુ છે. હવે રાત્રિ કર્ફ્યુનો સમય ૧૧ થી ૫ કરવામાં આવ્યો છે. આ કર્ફ્યુની પ્રથમ રાત્રિએ જ જનતા દ્વારા તેનો નિયમભંગ કરવામાં આવ્યો છે. ગત રાત્રિએ ૬૮ વાહનચાલકો ૧૧ વાગ્યાનાં કર્ફ્યુ સમયથી અજાણ હતા. રાત્રિ કર્ફ્યુભંગ કરનારા ૩૦૦ નાગરિકો પકડાયા હતા. પોલીસે આ દરમ્યાન વાહનચાલકો પાસેથી અંદાજે ૧૦ લાખનો દંડ વસૂલ્યો છે. જેમા માસ્ક વગરનાં ૫૫૦ નાગરિકો પકડાયા હતા. જેમની પાસેથી પોલીસે ૫ લાખનો દંડ વસૂલ્યો છે. રાત્રિ દરમ્યાન રાજાપાઠમાં વાહન ચલાવતા ૨૭ લોકોની પોલીસે ધરપકડ પણ કરી છે. ઓમિક્રોનનાં વધતા જતા કેસને ધ્યાનમાં રાખતા હવે રાજ્યમાં રાત્રિ કર્ફ્યુમાં પોલીસ તંત્ર વધુ કડક બને તો નવાઈ નહી.

## સાબરકાંઠા પેપર લીક કેસમાં વધુ ૫ આરોપીઓની ધરપકડ



હિંમતનગર, સાબરકાંઠામાં હેડકલાર્ક પેપરલીક મામલે વધુ ૫ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મુખ્ય આરોપી જયેશ પટેલના ભાઈ સંજય પટેલ ધાનેરાથી ધરપકડ કરાઈ છે. જ્યારે પ્રાંતિજ અને ઈડર તાલુકાના ૫ શખ્સોની ધરપકડ કરાઈ છે જેમાં અક્ષય પટેલ, વિપુલ પટેલ,પ્રકાશ પટેલ, ધીમેન પટેલનો સમાવેશ થાય છે.

અત્યાર સુધીમાં પેપરકાંડ મામલે પોલીસે ૨૭ આરોપીઓની ધરપકડ કરી લીધી છે, જ્યારે પકડાયેલા ૫ આરોપીઓને આજે સાંજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને રિમાન્ડની માંગ કરાશે. અહીં ઉલ્લેખનિય કે અગાઉ પેપર લીક કૌભાંડમાં ઝડપાયેલા ૧૨ આરોપીઓના રિમાન્ડ પુરા થતા પ્રાંતીજ કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે તેમજ આરોપીઓના વધુ રિમાન્ડની માંગ પણ કરાઈ શકે છે.

આ તરફ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ બી.કોમ સેમેસ્ટર-૩નું પેપર થવાનો મામલો સામે આવ્યો હતો જેમાં પોલીસે કાર્યવાહી કરતા બાબરા કોલેજના પ્રિન્સિપાલ સહિત ૬ આરોપીઓની ધરપકડ કરી હતી. જેમને કોર્ટમાં રજૂ કરી પોલીસે રિમાન્ડ માંગ્યા હતા. પોલીસ દ્વારા યુનિવર્સિટીના કુલપતિ સહિત પરીક્ષા નિયામકની પણ પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસે આરોપીઓના રિમાન્ડ માંગી અન્ય કોઈ પરીક્ષાનું પેપર લીક થયું છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ આરંભી છે.

## ફિરોઝપુર સેક્ટરમાં કુલ ૨૫૫ કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું

ફિરોજપુર, બોર્ડર સિક્યુરિટી ફોર્સ(બીએસએફ)ના જવાનોએ ફિરોઝપુર સેક્ટરમાં કુલ ૨૫૫ કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કર્યુ છે. બોર્ડર આઉટપોસ્ટ મિઆન વલી ઉત્તરમાંથી ૧૦૧ બટાલિયને હેરોઈનના ૨૨ પેકેટ જપ્ત કર્યા છે. જેમાં કુલ ૩૪ કિલો હેરોઈન હોવાનો અંદાજ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ હેરોઈનની કીંમત ૧૭૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

બોર્ડર પોસ્ટ મોહંમદી વાલા પાસેથી બીએસએફની ૧૧૬ બટાલિયને હેરોઈનના ૬ પેકેટ જપ્ત કર્યા છે. જમાં કુલ ૬ કિલો હેરોઈન હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ હેરોઈનની કીમત ૩૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આ ઉપરાંત બોર્ડર પોસ્ટ બારેકે પાસેથી હેરોઈનના ૧૧ પૈકેટ જપ્ત કરવામાં આવ્યા હતાં. આંતરરાષ્ટ્રીય બજારમાં આ હેરોઈનની કીંમત ૫૫ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. આમ ત્રણ બોર્ડર પોસ્ટ પાસેથી જપ્ત કરવામાં આવેલા હેરોઈનની કુલ કીમત ૨૫૫ કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી પંજાબમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. આ ડ્રગ્સનો જથ્થો પાકિસ્તાનમાંથી આવતો હોવાનું માનવામાં આવી રહ્યું છે. પાકિસ્તાનના આતંકવાદીઓ સરહદેથી ઘૂસણખોરી કરી ભારતમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઠાલવવાના પ્રયત્નો કરી રહ્યાં છે. જો કે બીએસએફના જવાનોની સતર્કતા અને પ્રશંસનીય કામગીરીને કારણે મોટા ભાગનો ડ્રગ્સનો જથ્થો પકડી પાડવામાં આવે છે.

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૬૫૩૧ દર્દી

નવીદિલ્હી, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સાત હજારથી ઓછા નવા સંક્રમણના કેસ નોંધવામાં આવ્યા છે અને સક્રિય કેસ પણ ઘટ્યા છે. વળી, બીજી તરફ ઓમિક્રનના કેસ ચિંતાનો વિષય બનેલા છે. ઓમિક્રનના દર્દી હવે ૬૦૦ના આંકડા નજીક પહોંચી ગયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સોમવારે જણાવ્યુ છે કે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમિત ૬૫૩૧ નવા દર્દી સામે આવ્યા છે. આ સાથે જ અત્યાર સુધી કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૩૪,૭૯૩, ૩૩૩ પહોંચી ગઈ છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૧૪૧ દર્દી કોરોનાથી રિકવર થયા છે. ત્યારબાદ કોરોનાથી રિકવર થનારા દર્દીઓની કુલ સંખ્યા ૩૪,૨૩૭,૪૯૫ થઈ ગઈ છે. હવે કુલ સક્રિય કેસ ૭૫,૮૪૧ રહી ગયા છે. દેશમાં રિકવરી રેટ સુધરીને હવે ૯૮.૪૦ ટકા થઈ ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૧૫ લોકોના કોરોનાથી મોત થયા છે. અત્યાર સુધી દેશમાં કોવિડ-૧૯થી ૪૭૯,૯૯૭ લોકોના મોત થઈ ચૂક્યા છે. રસીકરણના આંકડાની વાત કરીએ તો દેશમાં અત્યાર સુધી કુલ ૧,૪૧,૭૦,૨૫,૬૫૪ ડોઝ લગાવવામાં આવી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૯,૯૩,૨૮૩ લોકોને વેક્સીનનો ડોઝ લગાવવામાં આવી ચૂક્યો છે. દેશમાં ઓમિક્રોનના કુલ કેસ વધીને ૫૭૮ થઈ ગયા છે. સૌથી વધુ કેસ દિલ્લી અને મહારાષ્ટ્રમાં છે. ૧૯ રાજ્યોમાં ઓમિક્રોનના કેસ નોંધવામાં આવી ચૂક્યા છે. જેમાંથી સૌથી વધુ ૧૪૨ કેસ દિલ્લીથી અને ત્યારબાદ બીજા નંબરે મહારાષ્ટ્રમાં ૧૪૧ દર્દી મળ્યા છે.

## દિલ્હીની તિહાડ જેલમાં બોગસ ભરતીનું કૌભાંડ, બાયોમેટ્રીક સેમ્પલથી રહસ્ય ખૂલ્યું

નવીદિલ્હી, જયાં ખૂંખાર અને વીઆઈપી કેદીઓને રાખવામાં આવે છે તેવી તિહાડ જેલમાં બોગસ ભરતીનું કૌભાંડ બહાર આવ્યું છે.તમને જાણીને નવાઈ લાગશે કે તિહાડ જેલમાં જયારે તપાસ કરવામાં આવી ત્યારે પરીક્ષા આપનાર વ્યકિત અને જેલમાં નોકરી પર ફરજ બજાવતી વ્યકિતના ડેટા મેચ જ થયા નહીં. પ્રારંભિક તપાસમાં ૪૭ કર્મચારીઓનો પગાર અટકાવી દેવામાં આવ્યો છે.

રાજધાની દિલ્હીની વીઆઈપી જેલ તિહાડ જેલ ફરી એકવાર ખોટા કારણોથી ચર્ચામાં છે. જેલમાં નકલી ઉમેદવારોની ભરતી થવાના સંકેતો મળી રહ્યા છે. આ વાત પરથી પડદો ત્યારે ઉંચકાયો જયારે જેલમાં કેટલાંક દિવસોથી કેદીઓના મોતના અહેવાલ આવી રહ્યા છે. છેલ્લાં ૮ દિવસમાં ૫ કેદીઓનો મોત થયા છે. હકિકતમાં, તિહાડ જેલમાં નવા સ્ટાફ વચ્ચે એક બાયોમેટ્ર્ક વેરિફિકેશન ડ્રાઇવ ચલાવવામાં આવી, તેમાંથી જે નિષ્કર્ષ નિકળ્યો તે ચોંકાવનારો છે.

તિહાડ જેલના ઘણાં કર્મચારીઓના ફિન્ગર પ્રિન્ટ પાસે ઉપલબ્ધ ડેટા સાથે મેળ ખાતા નથી. આને કારણે એવી શંકા ઉભી થઈ છે કે જેલમાં કામ કરતા કર્મચારીઓ અને તેમના નામે પરીક્ષા આપનારા લોકો બિલકુલ અલગ તો નથી. દિલ્હી સબોર્ડિનેટ સર્વિસ સિલેકશન બોર્ડ દ્વારા તિહાડ જેલમાં બાયોમેટ્રિક વેરિફિકેશન ડ્રાઇવ ચલાવવામાં આવી હતી. આ ડ્રાઇવ નવેમ્બર મહિનાના છેલ્લાં સપ્તાહમાં ચલાવવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૯થી અત્યાર ડીએસએસએસબીની પરીક્ષા દ્વારા તિહાડ જેલમાં વોર્ડન અને આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડન્ટ રેંકની તમામ નવી ભરતીઓ થઈ હતી. એ તમામના બાયોમેટ્રિક નમૂનાઓ જેલમાં હાજર કર્મચારીઓના સેમ્પલ સાથે મેચ કરવામાં આવ્યા ત્યારે ચોંકાવનારી વાત એ સામે આવી કે ૪૭ કર્મચારીઓ એવા નિકળ્યા જેમના ડેટા ડીએસએસએસબીના બાયોમેટ્રિક ડેટા સાથે મેચ થતા નથી. જેને કારણે એવી આશંકા ઉભી થઈ છે કે તિહાડ જેલમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને ભરતી પ્રકિયા માટે પરીક્ષા આપનાર ઉમેદવારો બનેં અલગ અલગ તો નથી ને.ડીએસએસએસબી ભરતી પ્રક્રિયા દરમ્યાન તમામ ઉમેદવારોના ડેટા મેળવે છે અને જાળવે છે.

અત્યારે પ્રારંભિક પગલાંના ભાગરૂપે તમામ ૪૭ કર્મચારીઓ કે જેમના ડેટા મેચ થતા નથી તેમના પગાર અટકાવી દેવામાં આવ્યા છે અને તેમને જવાબ આપવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. ડીએસએસએસબીનો અંતિમ રિપોર્ટ આવી ગયા પછી આ ૪૭ કર્મચારીઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

## ૭૬ જેટલા વકીલોનો ચીફ જસ્ટીસને પત્ર : નફરતભર્યા ભાષણો અંગે સુપ્રિમ કોર્ટ જાતે સુઓ મોટો દાખલ કરે

નવીદિલ્હી, તાજેતરના દિવસોમાં, સુપ્રીમ કોર્ટના ઘણા વકીલોએ હરિદ્વાર અને દિલ્હીમાં આપવામાં આવેલા નફરતભર્યા ભાષણો સામે ચિંતા વ્યક્ત કરી છે. લગભગ ૭૬ વકીલોએ આ અંગે ચીફ જસ્ટિસ દ્રફ રમનાને પત્ર લખ્યો છે. આ દ્વારા, તેમણે સુઓ મોટોસંજ્ઞાન લેવા વિનંતી કરી છે.પત્રમાં વકીલોએ કહ્યું કે હિંદુ યુવા વાહિની અને હરિદ્વાર યેતિ નરસિમ્હાનંદ દ્વારા દિલ્હીમાં ૧૭ થી ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન આયોજિત બે અલગ-અલગ કાર્યક્રમોમાં નફરતભર્યા ભાષણોમાં મુસ્લિમોના નરસંહાર માટે ખુલ્લું આહ્વાન કરવામાં આવ્યું હતું.

ધર્મ સંસદમાં હિન્દુત્વ અને મુસ્લિમોને લઈને સાધુ-સંતોના વિવાદાસ્પદ ભાષણોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં સંતો અને ધર્મગુરુઓએ ધર્મની રક્ષા માટે હથિયાર ઉઠાવવા, મુસ્લિમને વડાપ્રધાન ન બનવા દેવા, મુસ્લિમોની વસ્તી વધવા નહીં દેવા અને નકલ-પુસ્તકો છોડવા જેવા નિવેદનો આપ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં યેતિ નરસિમ્હાનંદે કહ્યું, ’આર્થિક બહિષ્કારથી કામ નહીં ચાલે. હિન્દુઓએ પોતાને અપડેટ કરવાની જરૂર છે. તલવારો વિશે ભૂલી જાઓ. તલવારો સ્ટેજ પર જ સારી લાગે છે. વધુ સારા હથિયારો ધરાવતા લોકો જ આ યુદ્ધ જીતી શકશે. જૂઠાણામાં જીવશો નહીં. વધુ ને વધુ બાળકો અને વધુ સારા શસ્ત્રો તમને બચાવવા માટે છે. દરેકે પોતાના પરિવાર અને પરિવારને બચાવવા પડશે.

હરિદ્વારમાં આયોજિત ’ધર્મ સંસદ’માં લઘુમતીઓ વિરુદ્ધ હિંસા ભડકાવવા માટે કથિત રીતે નફરતભર્યા ભાષણો આપવા બદલ અત્યાર સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. હરિદ્વાર કોતવાલી પોલીસ સ્ટેશનના એસએચઓ રકિન્દર સિંહે જણાવ્યું કે જ્વાલાપુરના રહેવાસીની ફરિયાદ પર જિતેન્દ્ર નારાયણ ત્યાગી અને અન્ય લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. ત્યાગીનું નામ પહેલા વસીમ રિઝવી હતું. તેણે કહ્યું કે આ મહિનાની શરૂઆતમાં ધર્મ પરિવર્તન કરીને તે હિન્દુ બન્યો હતો. ધર્મ સંસદનું આયોજન જુના અખાડાના યતિ નરસિમ્હાનંદ ગિરી દ્વારા કરવામાં આવ્યું હતું, જેમના પર ભૂતકાળમાં નફરતભર્યા ભાષણો આપવા અને લઘુમતીઓ સામે હિંસા ભડકાવવાનો આરોપ છે. હરિદ્વાર કોતવાલી પોલીસ સ્ટેશનના એસએચઓ રકિન્દર સિંહે જણાવ્યું હતું કે ગુરુવારે ધર્મ, જાતિ, જન્મ સ્થળ, રહેઠાણ, ભાષાના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવી હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. તેમણે કહ્યું કે મામલાની તપાસ ચાલી રહી છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં રૂા.૨ કરોડ ઉપરાંતના

# આરોગ્ય વિભાગ હસ્તકના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં રાજ્યમંત્રી નિમિષાબેન સુથાર

લુણાવાડા,

રાજ્યના આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણનું રાજ્યમંત્રી નિમિષાબેન સુથારએ રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ તા. ૨૫ મી ડિસેમ્બરથી સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે જેના ભાગરૂપે ઉજવણીના આજે ત્રીજા દિવસે મહીસાગર જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત તથા વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરતાં આર્થિક પ્રગતિ માટે શારીરિક સ્વસ્થતા અત્યંત અનિવાર્ય છે. સ્વસ્થ અને તંદુરસ્ત વ્યકિત જ સ્વસ્થ સમાજ, રાજ્ય અને દેશ નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે છે. આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકાર તંદુરસ્ત અને સ્વસ્થ, સમાજ, રાજ્ય અને દેશના નિર્માણ માટે અથાગ પ્રયાસો કરી રહી હોવાનું કહ્યું હતું.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

રાજ્યમંત્રી સુથારે રાજ્ય સરકાર ગામડાંના લોકો અને રાજ્યના જનજનને ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે જયાં દવાખાના ન હતા. ત્યાં દવાખાના શરૂ કરવામાં આવી રહ્યા છે, જયાં દવા ન હતી ત્યાં દવા પહોંચાડવામાં આવી રહી છે, જયાં આરોગ્યજલક્ષી સાધનો ન હતા ત્યાં સાધનો પહોંચાડીને આરોગ્યલક્ષી તમામ સેવાઓ પહોંચાડવામાં આવી રહી હોવાનું કહ્યું હતું.

સુથારએ જિલ્લા વહીવટી અને આરોગ્ય તંત્ર દ્વારા કોરોનાના કપરાકાળ દરમિયાન તબીબો અને આરોગ્ય કામગીરી સાથે સંકળાયેલ તમામ આરોગ્ય કર્મીઓની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવી સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા માટે કરવામાં આવી રહેલ કામગીરીની પૂર્વ તૈયારીની વિગતો આપી હતી. તેમણે વધુમાં નાગરિકોને પણ સાવચેતી અને સલામતી રાખવાની સાથે ફરજિયાત માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સીંગનું તથા સરકારની ગાઈડલાઈનનું પાલન કરવા અપીલ કરી હતી.

સમાજના તમામ વર્ગોનો સામુહિક, સાવર્ત્રિક, સાતત્યતપૂર્ણ અને સર્વાંગી વિકાસ થાય તેને સુશાસન કહેવાય અને તે દિશામાં જિલ્લા વહીવટીતંત્ર કાર્ય કરી રહ્યું હોવાનું જણાવી તંદુરસ્ત અને સ્વસ્થ તથા નિરામય ગુજરાતની પરિકલ્પનાને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા બિનચેપી રોગો માટે શરૂ કરવામાં આવેલ નિરામય ગુજરાત અંતર્ગત દર શુક્રવારે આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. તેનો લાભ લેવા નાગરિકોને અપીલ કરી હતી.

સુશાસન સપ્તાહની ઉજવણીના આજે ત્રીજા દિવસે આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી નિમિષાબેન સુથાર સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના રામભેમના મુવાડા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનુ ભૂમિ પૂજન તેમજ બારેલા, વેણા, પાદેડી અડોર, નાનીરેલ અને ઝાલદડા ગામોમાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો સહિત રૂા. ૨ કરોડ ઉપરાંતના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતા.

જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે પ્રાસંગિક ઉદ્દબોધન કરી રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય સેવાઓને સુદ્રઢ બનાવવા માટે હાથ ધરવામાં આવી રહેલ આરોગ્યલક્ષી કામગીરીની વિગતો આપી હતી.

આ પ્રસંગે મંત્રી નિમિષાબેન સુથાર સહિત ઉપસ્થિંત મહાનુભાવોના હસ્તે પી.એમ.જય કાર્ડના જરૂરતમંદ લાભાર્થીઓને પી.એમ. જય કાર્ડનું તથા સગર્ભા માતાઓની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે પોષણકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આ બિનચેપી રોગો માટે આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની ઉપસ્થિત સૌ મહાનુભાવોએ કેમ્પના સ્થળની મુલાકાત લીધી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એસ.બી.શાહે પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્ય હતા. અંતમાં ડો. ગોસાઈએ સૌના પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર ડો. મનીષ કુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, આરોગ્ય સમિતિના ચેરમેન મંજુલાબેન ખાટ, જિલ્લા પંચાયત સભ્ય નંદાબેન ખાટ, પ્રાંત અધિકારી કૌશિક જાદવ, અગ્રણી દશરથભાઈ બારીયા, રાવજીભાઈ પટેલ, ગામના સરપંચઓ સહિત જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ, તબીબો, આરોગ્ય અધિકારીઓ-કર્મચારીઓ તથા લાભાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા ખાતે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કૃષિ વિભાગને લગતી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સાધન-સહાય વિતરણ કરાશે

લુણાવાડા,

દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતિ તા.૨૫મી ડિસેમ્બરથી તા. ૩૧૨મી ડિસેમ્બર સુધી સમગ્ર રાજયમાં સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે તા. ૨૮/૧૨/૨૦૨૧ના ચોથા દિવસે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાના બાવન પાટીદાર સમાજ ઘર ખાતે કૃષિ વિભાગને લગતી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સાધન-સામગ્રી સહાયનું વિતરણ કરવામાં આવનાર છે. જયારે ઉજવણીના ઉપલક્ષ્યમાં ખેડૂતોને કૃષિલક્ષી જરૂરી આધુનિક ટેકનોલોજીની જાણકારી મળી રહે તે માટે કૃષિ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સાંસદ તથા જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્યઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે. આ કાર્યક્રમમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિ/તાલુકા ખરીદ વેચાણ સંઘ/દૂધ ઉત્પાદક મંડળી/સંઘ તથા સ્થાનિક સહકારી સંસ્થાઓના હોદ્દેદારો/આગેવાનોની પણ વિશેષ ઉપસ્થિતિ રહેશે તેમજ મહીસાગર જિલ્લા અમલીકરણ સમિતિ દ્વારા જણાવાયું છે.

## "મુખવટો"


જીજ્ઞા કપુરીયા (નિયતી)

"કોણ કોનો ચહેરો પહેરી ફરે કોને ખબર?
શ્વાસ પણ પહેરો પહેરી ફરે કોને ખબર?"

ઉપરની આ પંકિત મારા મિત્ર ડો.રાજેશભાઈ વણકરની છે.

જીવન વહેવારમાં આપણે અલગ અલગ પ્રકૃતિના મનુષ્યનાં પરિચયમાં આવીએ છીએ. પ્રત્યેક મનુષ્યનો સ્વભાવ, ગમો,અણગમો, જીવન જીવવાની કલા અને કાર્ય અલગ હોય છે. દરેક મનુષ્યને તેના ગુણો અને આગવી શકિત હોય છે. એનાં માટે એજ પ્રકારના માહોલમાં ઘડાયો છે એના પર નિર્ભર હોય છે.

સમાજ અને કુટુંબને ટકાવી રાખવાં ઘણીવાર આપણે આવા અસામાજિક તત્વોને લોકો સહન કરી લેતાં હોય છે. મિત્રો, પાણીમાં રહીને મગર સાથે વેર બાંધવું એમાં સાર નહીં એટલે જ કદાચિત તેઓ સમાજથી દુર થઈ ગયાં છે.

મિત્રો, માણસ આધી, વ્યાધિ, ચિંતા, તનાવ, માન અભિમાન, ક્રોધ, લોભ, પૂર્વગ્રહ અને અશાંતિથી ઘેરાયેલો છે.

મિત્રો, મનની સ્થિરતા અને શાંતતા પર કોઈ પણ પ્રકારના ઘા લાગતો નથી.

સમાજમાં ભાતભાતનાં માણસો છે કોણ સાચા? ને કોણ ખોટાં? એ ઓળખવું મુશ્કેલ છે. દરેક માણસો પોતાના ચહેરા પર મુખવટો રાખીને ફરે છે. જે સમય આવે ઉજાગર થાય છે. અહીં સ્વાર્થી અને ધૂર્ત લોકોનો તોટો નથી.

મિત્રો, "મુખવટો" કોને કહેશો?

નાના હતાં ત્યારે મહોરૂ પહેરીને ફરતાં એ મુખવટો કે પછી સર્કસમાં જોકર make up કરે એ મુખવટો?

મિત્રો, મારા હિસાબે મુખવટો એટલે "પોતાની ઓળખ છુપાવવાં ચઢેલો નકાબ એક સજ્જન અને દુર્જન ચહેરો. હવે તો મહોરાઓ બદલાઈ ગયાં છે. સરળતા, લાગણી અને સહિષ્ણુતા ઓછી થઈ ગઈ છે. માણસ કૃત્રિમ રીતે જીવે છે.

સંવેદના, સહાનુભૂતિતો ક્યારની લોપ થઈ ગઈ છે. કોઈએ આપણું સારૂ કર્યુ હોય સહાનુભૂતિ દર્શાવી હોય આપણી પાસે તેનાં આભારના ૨ શબ્દ પણ હોતાં નથી. નાના માણસોની સેવાને આપણે સહજ ભુલી જઈએ છીએ. આજે મને એક પ્રસંગ યાદ આવે છે કોણે કહ્યુ એતો યાદ નથી પણ કીધા વગર રહી શકતી નથી એક વાર ભગવાને સ્વર્ગમાં એક વિશેષ પ્રકારનો ભોજન સમારંભ યોજેલો એમાં ધરતી પરનાં બધાં જ સદગુણોને આમંત્રિત કરવામાં આવ્યા હતા પણ એક વાતથી ભગવાન પોતે હેરાન હતાં કારણ આમંત્રિત મહેમાનોમાંથી બે જણ એકબીજાને ઓળખતા નહોતાં એક સહાનુભૂતિ અને બીજી કૃતજ્ઞતા. આ બન્ને આપણી ધરા પર કદી ભેગા જ નહીં થયેલાં. ભેગાં થાય પણ કયાંથી? આપણી પર કોઈએ ઉપકાર કર્યો હોય એને આપણે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ? કોણ જાણે કેમ આપણો અહમ આપણને નડે છે. કેટલીય વખત તો આપણે બહારથી ઉપર છલ્લો દેખાડો કરીને અંદર થી તો એનો વિરોધ જ પ્રગટ કરીએ છીએ વિરોધ પણ અનેક પ્રકારના પ્રેમથી, રોષથી, વ્યંગ કટાક્ષથી મહેણું મારીને સામા માણસને ન ગમતી વાત કરીને ઘા કરીએ છીએ.


એ પણ સ્થળ સમય અને સંજોગો જોયાં વગર. આ મનુષ્યવૃતિ છે.

બીજા એવાં પ્રકારના મનુષ્યો પણ હોય છે. જે બીજાં આગળ વધે અથવા કોઈ એની પ્રસંશા કરે તો રાજી હોતાં નથી. ઉપર છલ્લો દેખાડો કરીને અંદર ખાને આ ટીકા કે નિંદા કરે છે. એટલે જ લખ્યું છે કે "તુલસી ઈસ સંસાર મેં ભાતભાત કે લોગ"

મિત્રો, કહેવાનો તાત્પર્ય એ છે કે કડવું બોલનાર કરતાં મીઠું બોલીને નકાબ પહેરનાર તમારી પીઠ પાછળ ઘા કરશે.

આ મારો પોતાનો અનુભવ છે. આપણાંથી અથવા આપણા થકી જ આગળ આવતાં લોકો એટલાં વિશ્વાસઘાતી હોય છે કે એમને પહેરાવો મુખવટો આપણે ઓળખી નથી શકતાં પણ આવા આસ્તિનના સર્પ ડંખ મારે મારે ને મારે જ છે.

## ગોધરાની જેનિલ મલકાણીની ઈસરો ઈન્ટરશીપ માટે પસંદગી થઈ



ગોધરા,

ગોધરા શહેરના જેનિલ મલકાણ જે નવરચના યુનિવર્સિટી વડોદરામાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના બી.ટેકના ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે. જેઓને ઈસરોના સ્પેસ એપ્લિકેશન સેન્ટર અમદાવાદ ખાતે પ્રતિષ્ઠિત સ્પેસ એજન્સીમાં આગામી ૬ મહિના માટે રિસર્ચ ઈન્ટર્ન તરીકે પસંદ કરવામાં આવ્યા છે. જે ગોધરા શહેર તેમજ પંચમહાલ જિલ્લા અને સિંધી સમાજ માટે ગૌરવ સમાન કહી શકાય. ત્યારે ગોધરા શહેરમાં સામાન્ય પરિવારમાં જન્મેલા અને તેઓના પિતા ગોધરા શહેરમાં પાનનો વ્યવસાય કરી રહ્યા છે. જેઓએ પોતાના પુત્રને સખત મહેનત પરિશ્રમ કરીને પણ આઈ.ટી.જેવા ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ કરાવવોએ એક કાબીલેદાદ વાત કહી શકાય. નવરચના યુનિવર્સિટી વડોદરામાંથી માત્ર એક જ વિદ્યાર્થી તરીકે જેનિલ મલકાણની ઈસરો ઈન્ટર્નશીપ માટે પસંદગી થઈ છે. ત્યારે તેઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટેની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## ગોધરા દયાલ કાંકરા રોડ ઉપર ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ૪ જુગારીયાને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા દયા કાંકરા રોડ ઉપર ચિસ્તીયા સોસાયટી આગળ ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય આ સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરરી ૪ જુગારીયાને ૯,૭૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા દયાલ કાંકરા રોડ ઉપર ચિસ્તીયા સોસાયટી જીઈબીની હેવી લાઈનની બાજુ ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન બીલાલ યાકુબ બકકર, અમીત ત્રિકમલાલ મારવાડી, દિલીપ કનૈયાલાલ કિશોરાણી, સીકંદર ઈશાબ બેલીને ઝડપી પાડયા હતા. જુગારીયાની અંગઝડતી કરતાં ૫,૮૦૦/-રૂપીયા રોકડા અને દાવ ઉપર મુકેલ ૩૭૦૦/-રૂપીયા, બેટરી-૨૦૦રૂપીયા મળી ૯,૭૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. પોલીસની રેઈડ દરમ્યાન જુગાર રમાડનાર સીકંદર ઈશાક બેલી હાજર નહી મળી આવતાં બી ડીવીઝન પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદની લછેલી ગામે ચુંટણીની અદાવતમાં તોડફોડ કરી મહિલા સહિત બે વ્યકિતને માર માર્યો

દાહોદ,

દાહોદ તાલુકાના નાની લછેલી ગામે ગ્રામ પંચાયતની ચુંટણી સંબંધી ચાર જણાએ ભેગા મળી એક મહિલા સહિત બે જણાને માર મારી ઘરમાં તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. તા.૨૬મી ડિસેમ્બરના રોજ નાની લછેલી ગામે રહેતાં પ્રકાશભાઈ કનુભાઈ માવી, દિનેશભાઈ માવી, રાજુભાઈ માવી અને માજુભાઈ માવીનાઓએ એકસંપ થઈ ગામમાં રહેતાં શાંન્તાબેન માવીના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, ચુંટણીમાં અમો જીતી ગયાં છીએ, હવે તમારાથી થાય તે કરી લેજો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પથ્થર મારો કરી મીહીયાભાઈ તથા રમીકાબેનને ઈજા પહોંચાડી ઘરમાં ઘુસી જઈ તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે શાંન્તાબેન માવીએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોબાઈલ હેલ્થ યુનિટ આરોગ્ય વિષયક સેવાઓ લોકોને આંગણે મળી રહે તે માટે પ્રતિદિન બે ગામોમાં મોબાઈલ યુનિટ ફેરવવામાં આવશે



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

રાજ્ય સરકારની જાહેર આરોગ્ય ની સૂચના થકી આરોગ્ય વિભાગમાં ૧૦૦ દિવસના આયોજનના ભાગરૂપે શહેરા આરોગ્ય વિભાગ દ્વારા મોબાઈલ હેલ્થ યુનિટ વાનનું ખરેડિયા ગામેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

ગુજરાત સરકાર દ્વારા આરોગ્ય વિષયક સેવાઓ લોકોને બહેતર મળી રહે તે આશયથી ૧૦૦ દિવસના જાહેર આરોગ્ય ની સૂચના અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે સોમવારના રોજ શહેરા તાલુકાના ખરેડિયા ગામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ જિલ્લા પંચાયત પંચમહાલ દ્વારા શહેરા તાલુકા માટે "મોબાઈલ હેલ્થ યુનિટ" વાનનું તાલુકા આરોગ્ય અધિકારી ડો.ભરત ગઢવી ની ઉપસ્થિતિ વચ્ચે શહેરા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ભારતસિંહ સોલંકી અન્ય ભાજપ પદાધિકારીઓ અને સરપંચો ની હાજરીમાં લીલી ઝંડી બતાવી શુભારંભ કરાવી પ્રસ્થાન કરાવ્યું હતું.વર્તમાન સમયમાં આરોગ્ય વિષયક ની સેવાઓ લોકોને બહેતર રીતે મળી રહે તે સબબ "મોબાઈલ હેલ્થ યુનિટ" થકી જ્યાં સબ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રીકટ કે ડિસ્ટ્રીકટ હોસ્પિટલનો અભાવ હોય તેવા ગામોમાં આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવા સૂચનાઓ આપવામાં આવી છે. આમ તાલુકામાં આ પ્રકારની આરોગ્ય વિષયક સેવાઓ જે ગામોમાં ઉપલબ્ધ નથી. તેવા રોજના બે ગામોમાં વાન ફરશે જે લોકોની સુખાકારી માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેમ છે.

## કાલોલ તાલુકા માટે મોબાઈલ હેલ્થ યુનિટનો શુભ આરંભ કરવામાં આવ્યો



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના ઉંડાણવાળા વિસ્તારમાં લોકોને આરોગ્ય સેવાઓ સરળતાથી પ્રાપ્ત થાય તે હેતુથી મોબાઈલ હેલ્થ યુનિટનો શુભ આરંભ કરવામાં આવ્યો. આરોગ્ય સેવાના કાર્યક્રમમાં કાલોલના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખ જયદેવસિંહ ઠાકોર, કારોબારી અદયક્ષ ડો.કિરણભાઈ પરમાર, નગરપાલિકા પ્રમુખ શેફાલીબેન તથા નરેન્દ્ર મોદી વિચાર મંચના ગુજરાત પ્રદેશ ઉપાદ્યક્ષ રાજેન્દ્રભાઈ જોષી, પંચમહાલ જિલ્લા ઉપાદયક્ષ અતુલભાઈ પંડયા, મહામંત્રી રમેશભાઈ (તલાટી) પરમાર, મંત્રી રાજેન્દ્રભાઈ પરમાર, તાલુકા અદયક્ષ રમેશભાઈ રાણા, અમીતભાઈ શેઠ, રાજેન્દ્રભાઈ શાસ્ત્રી વિગેરે ઉપસ્થિત રહ્યા. માનનિય ધારાસભ્ય એ લીલી ઝંડી આપી મોબાઈલ યુનિટને પ્રસ્થાન કરાવ્યું.

## ગોધરા ખાતે યોજાશે રાજ્ય કક્ષાનો 'ગુજરાતી સાહિત્યમાં ભારતીયતા' વિશે પરિસંવાદ



ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે યોજાશે રાજ્ય કક્ષાનો 'ગુજરાતી સાહિત્યમાં ભારતીયતા' વિશે પરિસંવાદ. કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, 'ગુજરાતી સાહિત્યમાં ભારતીયતા' વિશે પહેલી જાન્યુઆરી-૨૦૨૨ ને શનિવારે ગોધરાની કલરવ સ્કૂલના વિશાળ હોલમાં સવારે ૯-૩૦થી સાંજે ૪:૪૫ સુધી ૧ દિવસીય રાજ્ય સ્તરીય પરિસમવાદનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના ઉદ્દઘાટક તરીકે પંચમહાલ જિલ્લાના માનનીય સમાહર્તા સુજલ માયાત્રા ખાસ હાજરી આપશે. પરિસંવાદમાં બીજરૂપ વક્તવ્ય માટે વિખ્યાત સાહિત્યકાર અને પદ્મશ્રી મા. ડો. પ્રવીણ દરજી ઉપસ્થિત રહેશે. વક્તાઓ પરમભાઈ પાઠક (સરદાર પટેલ યુનિ), પ્રસાદ બ્રહ્મભટ્ટ (નિવૃત્ત ડાયરેક્ટર, એકેડેમિક સ્ટાફ કોલેજ, ગુજ.યુનિ.), ભરતભાઈ પંડ્યા (એમ એસ યુનિ,બરોડા), વર્ષાબેન પ્રજાપતિ (એસ એલ યુ. કોલેજ, અમદાવાદ) ઉપસ્થિત રહેશે. પરિસંવાદના એક સેશન પેપર પ્રસ્તુતિનું પણ રહેશે. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન સંસ્થાના પ્રમુખ ડો. કુમાર જૈમિનિ શાસ્ત્રી કરશે. પરિસંવાદ સ્થળે સંભવતઃ સાહિત્યના પુસ્તકોનું પ્રદર્શન પણ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં શાળા-કોલેજના શિક્ષકો, વિદ્યાર્થીઓ શોધાર્થીઓ વગેરે સહભાગી થશે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરીના સ્થળે સામાન્ય જવાબદારી વધશે, મોસાળપક્ષે સાચવીને વ્યવહાર કરવો, ભાઈ બહેનો તરફથી સારુ સુખ જણાય છે, આર્થિક લાભની સારી તકો મળશે.

વૃષભ (બ.વ.ઉ.) : ધનપ્રાપ્તિના સારા અવસરો મળશે, રોજગારીની ઉત્તમ તકો મળશે, ધાર્મિક કાર્યોમાં મન લાગશે, નવી વસ્તુઓ ખરીદવા કે વેચવામાં લાભ જણાશે.

મિથુન (ક.છ.ઘ.) : સ્થાન પરિવર્તનના યોગો જણાય છે, લેવડ દેવડમાં અનુકૂળતા જણાશે, રાજ્યપક્ષે સાધારણ તકલીફ જણાશે, જીવનસાથીના સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી.

કર્ક (ડ.હ.) : વડીલ વર્ગ દ્વારા સારા લાભની સંભાવના, શેરબજાર અને સટ્ટાકીય પ્રવૃતિઓમા સાચવવુ, ખાનપાનમાં કાળજી રાખવી, પસંદગીના કાર્ય કરવાથી લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : મહત્વના નિર્ણયો લેવામા કાળજી રાખવી, પગ અને કમરના દર્દમાં સંભાળવુ, વ્યવસાયમાં ધીમી ગતિએ સફળતા જણાશે, સબંધોમાં તકલીફ જણાશે.

કન્યા (પ.ઠ.ણ.) : માનસિક શાંતિમાં વૃદ્ધિ થશે, દાંપત્યસુખમા સહયોગ મળશે, તણાવયુક્ત જીવનશૈલીથી દુર રહેવુ, કામકાજમાં વિરોધીઓથી સાચવવુ.

તુલા (ર.ત.) : કામકાજમાં સાધારણ થાક અનુભવશો, ભૂમિ, વાહન-મકાન સબંધી લે-વેચમાં સાચવવુ, ધંધામાં સારી અનુકૂળતા જણાશે, ઈષ્ટમિત્રોનો સારો સહકાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : આર્થિક બાબતમાં લાભ થશે, નોકરી ધંધામા સારો લાભ જણાશે, જુની વસ્તુ વેચી નવુ લેવાના યોગ બનશે, વાહન ચલાવવામાં કાળજી રાખવી.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આર્થિક રોકાણ માટે સમય ઉત્તમ છે, માનસિક તણાવથી પરેશાની વધશે, સહકર્મચારીનો સારો સહયોગ મળશે, લોભ લાલચમાં આવી કોઈ કામ કરવુ નહિ.

મકર (ખ.જ.) : જીવનસાથીનો ઉત્તમ સહયોગ મળશે, આવકમાં વધારો થશે, સંતાનોના પ્રશ્નોમાં રાહત અનુભવશો, નાની નાની મુશ્કેલીમાંથી માર્ગ મળશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : આર્થિક બાબતે ચઢાવ ઉતાર જોવા મળશે, પ્રેમસબંધોમાં મન પ્રસન્ન રહેશે, સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે, લેવડ દેવડમાં સાવધાની રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : ધંધાકીય બાબતોમાં થોડી ચિંતા રહેશે, ધંધાને અને પરિવારને સાથે ના રાખો, યાત્રા પ્રવાસના યોગ બનશે, પરિવારમાં સાધારણ અશાંતિ જણાશે.

## પંચમહાલ, મહિસાગર અને દાહોદમાં ૨૮ અને ૨૯ ડીસેમ્બરે વરસાદની આગાહી

ગોધરા,

ગુજરાત રાજ્ય હવામાન વિભાગ દ્વારા ૨૮ અને ૨૯ ડીસેમ્બરના રોજ દાહોદ, મહિસાગર અને પંચમહાલ જીલ્લામાં છુટો છવાયો કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે સંયુકત ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા ખેડુતોને પાક તેમજ કાપણી કરેલ ધાન ભીંજાય નહિ તેનું ધ્યાન રાખવા જણાવ્યું.

ગુજરાત રાજ્યમાં થોડા દિવસો પહેલા કમોસમી વરસાદ પડતા ખેડુતોના ઉભા પાક તેમજ કાપણી કરેલ અનાજ અને ઘાસચારાને ભારે નુકશાન ન થયું હતું. હાલમાં ગુજરાત રાજ્ય હવામાન વિભાગ દ્વારા ૨૮ અને ૨૯ ડીસેમ્બરના રોજ મધ્ય ગુજરાતના દાહોદ, મહિસાગર અને પંચમહાલ જીલ્લામાં છુટા-છવાયો વરસાદની આગાહી કરવામાં આવી છે. કમોસમી વરસાદની આગાહીના પગલે સંયુકત ખેતી નિયામક (વિસ્તરણ) વિભાગ વડોદરા દ્વારા કમોસમી વરસાદને ધ્યાનમાં રાખી ખેડુતો પોતાના ખેતરમાં ઉભા પાકો, ઘાસચારો, ફળપાકો, શાકભાજીમાં પિયત આપવાનું ટાળવું તેવી અપીલ કરી છે. સાથે કાપણી કરેલા પાકો, ગોડાઉનમાં સુરક્ષીત કરવા એપીએમસી માં અનાજ અને ખેત પેદાશો સુરક્ષીત રાખવા અપીલ કરવામાં આવી છે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ શહેરની ૮૬ વર્ષ જૂની પ્રાથમિક શાળાની દુર્દશા : છેલ્લા બે વર્ષથી શિક્ષકો શાળાનું ભાડુ ચૂકવવા મજબુર





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકામાં ઝાલોદ રોડ ખાતે આવેલ એક પ્રાથમીક શાળા છેલ્લા ૮૫ વર્ષથી ચાલતી શાળાની બિલ્ડીંગ હાલ જર્જરીત હાલતમાં દ્રશ્યમાં થાય છે. આ મામલે સંલગ્ન તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાંયે તંત્રના પેટનું પાણી હાલ્યું નથી. છેલ્લા બે વર્ષથી શિ૭કો શાળાનું ભાડુ ચુકવી રહ્યાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે બીજી તરફ સરકારની ઢીલી નીતી કહો કે, અધિકારીઓની પરંતુ જર્જરીત બિલ્ડીંની પરિસ્થિત હાલ પણ યથાવત રહેવા પામી છે. માલિક દ્વારા ભાડાની જગ્યા ખાલી કરવાનું ફરમાન પણ આવી ગયું છે.આ શાળામાં અભ્યાસ કરતાં અંદાજે ૭૦૦ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બની રહેશે તેમ પ્રતિત થઈ રહ્યું છે. ત્યારે આ મામલે વાલીઓ દ્વારા સામુહિક રજુઆત સ્વરૂપે દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

દાહોદ શહેરમાં અમૃતવાણી સોસાયટીમાં છેલ્લા ૮૬ વર્ષથી ચાલતી ઝાલોદ રોડ પ્રાથમિક શાળાની શરૂઆત ૨૧/૧૧/૧૯૩૭ માં થઈ હતી. આ શાળામાં ગુજરાતી માદયમ હોવાથી દાહોદ શહેરના ગરીબ મજુર વાલ્મિકી સમાજ સહિતના દરિદ્ર નારાયણ કહેવાતા લોકોના બાળકોના અભ્યાસ કરે છે. છેલ્લા ૮૬ વર્ષથી ચાલતી આ પ્રાથમિક શાળાની બિલ્ડીંગ જૂની થતા જર્જરિત અવસ્થામાં પહોંચી હતી.

## શાળા સંકુલના અભાવે તેમજ સરકારની ઢીલી નીતિના કારણે ઝાલોદ રોડ પ્રાથમિક શાળાના ૭૦૦ વિદ્યાર્થીઓનો ભાવિ અંધકાર મય

દાહોદ શહેરના નવજીવન મિલ પાસે આવેલી આશા કિરણ શાળામાં ભાડેથી ચાલી રહી છે. આ શાળામાં કન્યા શાળામાં ૩૫૦ ઉપરાંત તેમજ કુમાર શાળામાં ૩૫૦ જેટલાં વિદ્યાર્થીઓ મળી કુલ ૭૦૦ વિદ્યાર્થીઓ હાલમાં અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે મકાન માલિક દ્વારા શાળા ખાલી કરવાનો ફરમાન આવતા સરકારની ઢીલી નીતિને કારણે ઝાલોદ રોડ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શાળા વિહોણા બન્યા છે. ત્યારે આગામી સમયમાં ભાડાના મકાનમાં ચાલતી આ શાળા ખાલી કરવામાં આવશે તો આ શાળામાં અભ્યાસ કરતા ૭૦૦ વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

શાળાની અંદરના વર્ગખંડના ઓરડાના છતના પોપડા ખરવા લાગતા અકસ્માત સર્જાવાની આશંકાને લઇ શાળા સંચાલકો દ્વારા નવીન બિલ્ડિંગ બનાવવા માટે સરકારમાં રજૂઆત કરી હતી. આ સમયગાળામાં એક વખત પોપડા ખરતા એક શિક્ષક ઈજાગ્રસ્ત બન્યા હતા.ત્યારે આ મામલે શાળા સંચાલકો દ્વારા ડીપીઓ કચેરીએ જાણ કરી હતી. જોકે તે સમયે નવીન શાળાની મંજૂરી આવી જતા શાળા સંચાલકોએ રાહતનો દમ લીધો હતો. જોકે જૂની બિલ્ડીંગ તોડી નવી બિલ્ડીંગ બનાવવાની હોઈ સરકારમાંથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે પ્રાથમિક શાળાના અન્ય સ્થળે ખસેડવા માટે નિર્દેશ મળતા શાળા સંચાલકો બે વર્ષ અગાઉ આ શાળાને દાહોદ શહેરના નવજીવન મીલ ખાતે આવેલી આશા કિરણ સ્કૂલમાં ૧૦૦૦૦ રૂપિયાના ભાડા પેટે શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ સરકારમાંથી નવીન બિલ્ડીંગ બનાવવાનો મામલો કોઈક કારણોસર ઘોંચમાં પડયો હતો. અને ત્યાં સુધી ન બિલ્ડીંગ બનેને ત્યાં સુધી જૂની બિલ્ડિંગમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવતા શાળા સંચાલકો પણ અવઢવમાં મુકાઈ ગયા હતા. ત્યારબાદ છેલ્લા બે વર્ષથી ભાડાના મકાનમાં ચાલતી આ શાળા નિયમિત રીતે ચાલતી હોય તેમ જ વિદ્યાર્થીઓનું ભાવિ ન બગડે તે માટે શાળા સંચાલકોના શિક્ષકો દ્વારા ફાળો કરી શાળાના મકાનનો ભાડું ચૂકવી રહ્યા હતા.

## ઝાલોદ રોડ પ્રાથમિક શાળા બંધ થવાનો વારો આવતા વાલીઓ ચિંતાતુર : સામૂહિક રીતે કલેકટરને આવેદન પાઠવ્યું

છેલ્લા બે વર્ષથી ભાડાના મકાનમાં ચાલતી ચાલો પ્રાથમિક શાળામાં હાલ ૭૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમજ છેલ્લા બે વર્ષથી શિક્ષકો દ્વારા ફાળો ઉઘરાવી ભાડા પર ચાલતી શાળાનું ભાડું ભરવામાં આવી રહ્યું છે. જોકે શાળા નો કોન્ટ્રાક્ટ પૂરો થતાં તેમજ ભાડું સમયસર ન મળતા મકાન માલિક દ્વારા ભાડાનું મકાન ખાલી કરવાનું કહેવામાં આવતા શાળા સંચાલકો સહિત વાલીઓ પણ ચિંતાતુર બન્યા છે. વાલીઓના જણાવ્યા અનુસાર જૂની બિલ્ડીંગ ખખડધજ હાલતમાં છે. નવી બિલ્ડીંગ બનાવવા માટે સરકારે કોઈ રસ નથી. ક્યારે ભાડા પર ચાલતી આ શાળા પર ખાલી કરવાનું ફરમાન આવી ગયો છે. ત્યારે શાળામાં અભ્યાસ કરતાં ૭૦૦ વિદ્યાર્થીઓ શાળા વિહોણા બનતા રોડ પર બેસી ભણવાનો વારો આવ્યો છે. ત્યારે પોતાના બાળકોના ભણતરને ધ્યાને લઈ શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ સામૂહિક રીતે દાહોદ જિલ્લા કલેકટરને આવેદન આપી ઘટતું કરવા રજૂઆત કરાઈ છે.

## સરકારની ઢીલીનીતિના કારણે જર્જરિત બિલ્ડીંગની પરિસ્થિતિ યથાવત : બિલ્ડીંગ માલિક દ્વારા ભાડાની જગ્યા ખાલી કરવાનું ફરમાન

દાહોદ શહેરની ઝાલોદ રોડ પ્રાથમિક શાળાની જૂની બિલ્ડીંગ જર્જરિત બનતાં નવી બિલ્ડિંગ બનાવવા માટે સરકારમાંથી મંજૂરી મળ્યા બાદ શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ શાળાને અન્ય સ્થળે ભાડાના મકાનમાં ખસેડી દેવામાં આવી હતી. જોકે સરકારની ઢીલી નીતિથી ના લીધે નવી બિલ્ડીંગ બનાવવાનો પ્રોજેક્ટ ઘોંચમાં પડ્યું છે. ત્યારે છેલ્લા બે વર્ષથી ભાડાના મકાનમાં ચાલતી ઝાલોદ રોડ પ્રાથમિક શાળાનો કોન્ટ્રાક્ટ પૂરો થતા અને ભાડુ સમયસર ન મળતા મકાન માલિક દ્વારા બિલ્ડીંગ ખાલી કરવાનો કહેવામાં આવતા શાળા સંચાલકો ચિંતાતુર બન્યા છે.

# દે.બારીયા શહેરમાં પાલિકાના દ્વારા દબાણો હટાવવાયા તેમાં વાલા-દવલાની નીતિ જોવા મળી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના દ્વારા ત્રણ દિવસ અગાઉ ઓટોરીક્ષામાં જાહેર ચેતવણી કરવામાં આવી હતી. જેમની દુકાનોના વધારાના દબાણો કર્યા છે. તેઓએ હટાવવી લેવા તેમજ રોડની સાઈડમાં ટ્રાફિકને નડતરરૂપ દબાણોને સ્વૈચ્છાએ હટાવવી લેવા અન્યથા નડતરરૂપ થતા દબાણો જે છે. તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે અત્રે ઉલ્લેખનિય છે કે, કોઈને પણ પંદર દિવસ પહેલાની લેખિત નોટીસ આપવામાં આવી ન હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરમાં ખાસ કરીને શુક્રવારી બજારમાં ટ્રાફિક જામની સમસ્યા થાય છે. ત્યાં લારીવાળા તથા પથારાવાળા અડીંગો જમાવી દેતા હોય છે. ત્યાં ખાલી લીપા પોથી દર્શાવી હતી. તા.૨૭/૧૨/૨૦૨૧ સોમવારના રોજ દે.બારીયા નગર પાલિકાના તંત્ર દ્વારા પોલીસના લાવ લશ્કર સાથે દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરાતા. આમ, વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. ખાસ કરીને જ્યાં શુક્રવારી બજારમાં રોડ ઉપર પથરાવાળા જે મુખ્ય હાઈવે ૬૮ની ટ્રાફિકને નડતરરૂપ થાય છે.

ત્યાં લીપાપોથી કરતાં હોય તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું હતું. જ્યારે સંચાગણીના નાકે ઉપર જ્યા વધારે લઘુમતિઓના લારીગલ્લા આવેલા હોવાથી ત્યાં દબાણો હટાવવામાં વધુ કડકાઈ થઈ હતી. તેમજ વચ્ચે વચ્ચે દબાણના ગલ્લા અથવા દુકાનો ઉપર વાલા દવલાની નીતિ જોવા મળી હતી. જ્યારે નગર પાલિકાના શોપીંગ સેન્ટરમાં આખે આખી પાછળની દુકાનો શટરો સાથે આગળની દુકાનના લીઝ ઉપર લેવામાં હોવા છતાં પોતાની માલિકીની દુકાનો સમજી લઈ આગળની દુકરાનોમાં સામેલ કરી લીધી હોવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. આ વાલા-દવલાની નીતિ નથી તો શું છે ? કે પછી પાલિકાના કર્મીઓ એ કોઇ લેવડ દેવડ થઈ ગઈ છે. તો આંખ આડા કાન કરે છે. આ બાબતે નગર પાલિકાના વડોદરા ઝોનના કમીશ્નર જાતે સ્થળની મુલાકાત લે તેવું આમ જનતાની માંગ ઉઠવા પામી છે. જ્યારે દબાણ હટાવવા માટે આવેલા કર્મીઓ કોઈએ પણ માસ પહેરેલા ન હતા. કોરોનાની ગાઈડ લાઈનનું ઉલંઘન કરતાં જોવા મળ્યા હતા.

# દે.બારીયાના અસાયડી ગામે થી ત્રણ અજગર મળ્યા ગ્રામજનોમાં ફફડાટ વન વિભાગે અજગરને રેસ્કયુ કર્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે એકસાથે ત્રણ અજગર મળી આવતાં પંથકમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ગામમાં અજગર હોવાની વાત દોડી ગયેલ વન વિભાગની ટીમ અને પ્રકૃતિ મિત્ર મંડળના સભ્યોએ ભારે જહેમત બાદ ત્રણેય અજગરનું રેશ્ક્યુ કરી નજીકના જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યાં હતાં. ગામડાઓમાં અનેક જગ્યાએ સાપ અવાર નવાર લોકોને જોવા મળતા હોય છે. ત્યારે એવી એક પહેલી વાર ઘટના સામે આવીછે કે, એકજ જગ્યાંએથી એક સાથે ત્રણ અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. દેવગઢ બારીઆ તાલુકાના અસાયડી ગામે ડાયરા ફળીયામાં સંજયભાઈ બળવંતભાઈ પટેલના ખેતરમાં અજગર જોવા મળતાં તેમને વનવિભાગની ટીમ અને પ્રકૃતિ મિત્ર મંડળ દાહોદની ટીમને ફોન કરતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળ ઉપર આવી પહોંચ્યાં હતાં. અજગર જમીનમાં એક દળની અંદર ભરાઈ ગયો હતો. ત્યારે એ અજગરનું રેસ્ક્યૂ કરવા માટે દરની અંદર પાણી છોડવામાં આવ્યું હતું ત્યારે એક સાથે ત્રણ અજગર અંદર થી બહાર નીકળ્યાં હતાં. એક સાથે ત્રણ અજગરને બહાર નીકળતા જોઈને ગામ લોકો તેમજ રેસ્ક્યુની ટીમ ચોંકી ગઈ હતી. બે કલાકની ભારે જહેમત બાદ એ ત્રણ અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ ત્રણેય અજગર અંદાજે ૧૦ થી ૧૨ ફૂટ લાંબા અને ૧૭ થી ૨૦ કિલો વજન ધરાવતા હતા. આ અજગર રેસ્ક્યુ માં અસાયડી ગામના રેન્જ ઓફિસર હિરેન પટેલ, ગોપાલભાઈ સાયબાભાઈ, તેમજ પ્રકૃતિ મિત્ર મંડળના સભ્ય ચિરાગભાઈ અને જીગાભાઈ એ આ ત્રણ અજગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. અજગરનું રેસ્ક્યુ કર્યા બાદ તેમને સલામત જગ્યાએ જંગલમાં છોડી દેવામાં આવ્યાં હતાં. અજગરને જોવા માટે આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયાં હતાં.

# દાહોદના રાણાપુર ખુર્દ ગામે ગૌચર જમીન માંથી મોરમ અને પથ્થરની ગેરકાયદેસર ખનનને લઈ કલેક્ટરને આવેદન



દાહોદ,

દાહોદ તાલુકાના રાણાપુર ખુર્દ ગામે ગૌચર જમીનમાં કેટલાંક ઈસમો દ્વારા જેસીબી મશીન અને ટ્રકની મદદથી ખોદકામ કરી મોરમ અને પથ્થર વિગેરે ભરીને લઈ જવાતાં હોવાથી ગ્રામના એક જાગૃત નાગરિક દ્વારા ખાણખનીજ વિભાગ અને દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

દાહોદ તાલુકાના રાણાપુર બુઝર્ગ ગામે રહેતાં હઠીલા સુનીલભાઈ ભુરાભાઈ નામક વ્યક્તિ દ્વારા દાહોદ ખાણ ખનીજ વિભાગ અને દાહોદ જિલ્લા કલેક્ટરને લેખીત રજુઆત કરી જણાવ્યું હતું કે, રાણાપુર ખુર્દ ગામે ગૌચર જમીનમાં ટ્રક અને જીસીબીમાં આશાપુરા કૃપા અને બીજી ટ્રક દ્વારા ગેરકાદયે પ્રવેશ કરી ખોદકામ કરી ખોદકામ કરી મોરમ અને પથ્થર વિગેરે ભરીને લઈ ગયેલ છે. જેનો વિડીયો અને ગ્રામજનો દ્વારા ઉતારવામાં આવ્યો હતો અને સમગ્ર પુરાવાઓ તંત્ર સમક્ષ રજુ કર્યા હતાં. વધુમાં જણાવ્યાં અનુસાર, વાહનના માલિકો સામે તેમજ તેઓને સાથ સહકાર આપતાં ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ખાણ ખનીજ વિભાગ અને દાહોદ જિલ્લા કલેક્ટર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

# પંચાલ સમાજ દ્વારા વિના મૂલ્ય સર્વ રોગ નિદાન કેમ્પ ચિકિત્સા કેમ્પનું આયોજન કરાયું

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ તેમજ પંચાલ નવયુવક મંડળ દાહોદ તથા નિયમક આયુષ્ય ની કચેરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમે તથા જિલ્લા આર્યુવેદ અધિકારી દાહોદના તાબા હેઠળના સરકારી આર્યુવેદ દવાખાનું ગડોઈ સરકારી આર્યુવેદ દવાખાનું ખરોદા સરકારી આર્યુવેદ દવાખાનું ગારખાયા દ્વારા ગુડ ગવર્ન્સ ડે ની ઉજવણી નિમિતે સર્વરોગ નિદાન અને ચિકિત્સા કેમ્પનું આયોજન તા.૨૭.૧૨.૨૦૨૧ ને સોમવારના રોજ પંચાલ સમાજની વાડી ચેતના સોસાયટી દાહોદ મુકામે સવારના ૧૦થી બપોરના ૨ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે .જેમાં દાહોદ જિલ્લાના પંચાલ સમાજના તથા જિલ્લાની જાહેર જનતાને લાભ લેવા નમ્ર વિનંતી છે. પંચાલ સમાજ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# ધાનપુર તાલુકાના સજોઈ ગામના પટેલ ફળીયાના રહીશો કોતરના ખાડાનું બિનઆરોગ્યપદ પાણી પીવા મજબુર બન્યાઃ પીવાના પાણીની સુવિધા પુરી પાડવા સ્થાનિક રહીશોની માંગ



દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા સજોઈ ગામના રહીશોને આઝાદીના સાત સાત દાયકાઓ વિતવા છતાં પણ પીવાના પાણી જેવી પ્રાથમિક પ્રાથમિક સુવિધાઓનો માટે પણ વલખા મારી રહ્યા છે, સજોઈ ગામના પટેલ ફળીયાના રહીશોએ જાતે કોતર મા ખાડો ખોદી બિન આરોગ્યપદ દુષિત પાણી પીવા મજબુર બન્યા છે.

ગુજરાત વિકાસ ની હરણ ફાળ તરફ આગળ વધી રહ્યુ છે. ત્યારે છેવાડા ના માનવી સુધી કેવો વિકાસ પંહોચ્યો છે એ અમે તમને બતાવીશુ. ત્યારે હજી શિયાળાની શરૂઆત ની સાથે જ ગુજરાત ના અંતરીયાળ ગામોમા પિવાના પાણીનુ સંકટ તોળાય રહ્યુ છે. ત્યારે આદિવાસી તરીકે પછાત ગણાતા જીલ્લા દાહોદમાં શિયાળાની શરૂઆત મા જ પિવાના પાણી સમસ્યા પડી રહી છે. દાહોદ જીલ્લા ના ધાનપુર તાલુકા ના સજોઈ ગામે આ ગામ અંતરિયાળ વિસ્તાર મા આવેલુ ગામ છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને પાયાની માળખાકીય સુવિધાઓ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે. લોકોને રોજગારી મળી રહે તે માટે મનરેગા યોજના પણ લાગુ કરી છે, તેમ છતાં પણ આઝાદીના સાત સાત દાયકા વિતવા છતાં પણ ધાનપુર તાલુકાનુ અંતરિયાળ વિસ્તાર મા આવેલુ સજોઈ ગામના મોટાભાગના લોકો આવી સરકારની યોજનાઓથી વંચિત રહી ગયા છે ધાનપુર તાલુકામાં આવેલા સજોઈ ગામે પટેલ ફળિયામાં લોકોને પીવાની તથા વાપરવાના પાણીની ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. સજોઈ ગામના પટેલ ફળિયામાં બોર કે કોઈ કુવાની સુવિધાઓ ન હોવાથી લોકોને વાપરવા માટે તથા પશુઓને પીવડાવવા માટે પાણીની ખુબજ તંગી પડતી હોવાથી ખેતરોમાંથી પસાર થતાં કોતર ની બાજુમાં પોતે શ્રમદાનથી એક ખાડો ખોદ્યો છે અને આ ખાડામાંથી તેઓ પોતે પીવા માટે તેમજ પશુઓને પીવડાવવા માટે તેમજ વાપરવા માટેના પાણીનો ઉપયોગ કરે છે, કોતરમાં ખોદેલ ખાડાનું ગંદુ પાણી પીવાથી બાળકો વારંવાર બિમાર પડે છે. જેને લઈને સ્થાનિક લોકો પરેશાન છે, શિયાળો પૂરો થતાં જ ઉનાળાની શરૂઆતમાંજ કોતરમાં ખોદેલ ખાડામાં પાણી સુકાઈ જવાના કારણે પાણી માટે વિકટ સ્થિતિ સર્જાય છે. જેને લઈને સ્થાનિક લોકો ચિંતાતુર છે. ઉનાળામાં તો સજોઇ ગામે પટેલ ફળિયામાં તો રહીશોને પીવાનું પાણી લેવા માટે ૫ કિલોમીટર સુધી દૂર જવું પડે છે. સજોઈ ગામના પટેલ ફળિયાના રહીશોએ પોતાના ફળિયામાં કુવાની તથા બોરની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવે તેવી તંત્ર અને રાજકીય નેતાઓના વારંવાર કરવા છતા આ ગરીબોની કોઈ જ દરકાર લેવામા આવતી નથી. સ્થાનિક રહીશોની રજૂઆતો નેતાઓના બહેરા કાને સંભાળાતી જ નથી. જેને લઈને રહીશોમાં નેતાઓ અને વહીવટીતંત્ર સામે રોષની લાગણી પણ જોવા મળી રહી છે. આ વિસ્તારના લોકો ને સત્વરે પીવાના પાણીની સુવિધા માટે બોર કે કુવાની સુવિધાઓ ઉપલબ્ધ કરી આપવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

સરકાર દ્વારા ગામે ગામ પીવાનું પાણી મળી રહે તે અર્થે ગ્રામીણ વિસ્તારો માટે અનેક યોજનાઓ ચલાવી રહી છે, પરંતુ દાહોદ જેવા આદિવાસી બાહુલ્ય ધરાવતા જીલ્લાઓમા યોજનાઓ માત્ર કાગળ ઉપર જ ચાલતી હોવાનો સ્થાનિકો જણાવી રહ્યા છે. ધાનપુર તાલુકાના મોટાભાગના ગામો મા વહીવટીતંત્રની બેદરકારીને કારણે પીવાના પાણીની યોજનાઓ જમીન ઉપર લાગુ થતુ નથી. ત્યારે સરકાર દ્વારા આ ગામ મા પીવા ના પાણી માટે કોઈ યોજના હેઠળ લોકોને પીવાનુ પાણી આપે તો જ કાયમી નીકાલ આવી શકે તેમ છે. ત્યારે હવે તંત્ર ક્યારે જાગશે તે અને સજોઈ ગામના લોકોને પડતી મુશ્કેલીઓ નુ ક્યારે કરે છે તે જોવાનુ રહેશે.

# લીમખેડાના ચુંદડી જવાહર વિદ્યાલય ખાતે આધારશિલા ફાયર કોલેજ દ્વારા અગ્નિશમન અંગે નિર્દશનનો કાર્યક્રમ યોજાયો



દાહોદ,

આધારશિલા ફાયર કોલેજ દ્વારા દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ચુંદડી મુકામે આવેલા જવાહર વિદ્યાલય ખાતે અગ્નિ શમન અંગેની ટેકનીકોના નિર્દશનનો કાર્યક્રમ યોજાયેલ હતો. જેમાં ફાયર એકસ ટીંગ્વીશરનો ઉપયોગ કરી રીતે કરવો, આગ લાગે ત્યારે તેમાં ફસાયેલા લોકોનો બચાવ કેવી રીતે કરવો, જાન માલનું ઓછામાં ઓછું નુકશાન થાય તેવી ટેકનીકો દર્શાવવામાં આવી હતી. આધાર શિલા ફાયર કોલેજ દ્વારા ચુંદડી તથા મોરવા(હ) ખાતે ફાયર સેફટી અંગેના કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ફાયર સેફટીની સઘન તાલીમ આપવામાં આવે છે અને આ કોર્સ કરનાર વિદ્યાર્થીઓને રોજગારી પણ મળી રહે છે. આ કોર્સ કરનાર વિદ્યાર્થીઓ પૂર, ધરતીકંપ, આગ, અકસ્માત જેવી દુર્ઘટનાઓમાં બચાવ કામગીરીમાં પ્રવિણતા મેળવે છે અને રોજગારીની વિપુલ પ્રમાણમાં તકો ઊભી થાય છે.

અગ્નિશમન નિર્દશનનો આ કાર્યક્રમ રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં આધાર શિલાના ડાયરેકટર કિશોરભાઈ ડામોરનું સંપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત થયેલ હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.107

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લા ગ્રામ પંચાયતોની ચુંટણી બાદ ડે.સરપંચ પદ મેળવવા મોરચા બંધી શરૂ થઈ

- ગ્રામ પંચાયતોમાં સર્વાનુમત્તે ડે.સરપંચ નિયુકત કરવાની મથામણ.
- અમુક ગ્રામ પંચાયતોમાં સરપંચના ઉમેદવારની પેનલના એક થી બે સભ્યો જીતતા ડે.સરપંચ માટે દાવેદારી વધી.
- ડે.સરપંચની નિયુક્તિ તારીખ જાહેર થાય ત્યાં સુધી રસાકસી જોવા મળશે.

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ૭ તાલુકાની ૩૭૨ ગ્રામ પંચાયતોની ચુંટણી પ્રક્રિયા પુરી થતાં સરપંચ અને સભ્યોના ઉમેદવારો વિજય બન્યા છે. ત્યારે હવે ગ્રામ પંચાયતોમાં ડે.સરપંચ પદ મેળવવા માટે મોરચાબંધી શરૂ થતી જોવા મળી છે. મોટાભાગે તમામ સભ્યને ડે.સરપંચ પદ મેળવવાના અભરખો હોય છે. તેવામાં સર્વાનુંમતે ડે.સરપંચના ઉમેદવાર માટે સભ્યોને મનામણી શરૂ કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાની ૩૭૨ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીઓ યોજાઈ હતી. તે પૈકી ૨૨ ગ્રામ પંચાયતોમાં બિનહરીફ સમરસ જાહેર કરવામાં આવી હતી. જયારે ૩૫૦ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજવામાં આવી હતી. ગ્રામ પંચાયતોની ચુંટણી સરપંચ પદ માટે ભારે રસાકસી બાદ મતદારોએ પોતાના ગામના સરપંચ અને વોર્ડ સભ્યોને ચુંટીને લાવ્યા છે. ત્યારે હવે ગ્રામ પંચાયતના વહીવટ કરવા માટે ચુંટાયેલા સભ્યો માંથી ડે.સરપંચ પદના ઉમેદવારને સર્વાનુમત્તે ડે.સરપંચ પદ માટે પસંદગી કરવાની થતી હોય છે. પરંતુ ગ્રામ પંચાયતના ચુંટાયેલા તમામ સભ્યોને ડે.સરપંચ બનાવવાનો અભરખો રાખતા હોય તેવા સભ્યો દ્વારા ડે.સરપંચ પદ મેળવવા માટે પોતાની રીતે સભ્યોનું જુથ ઉભું કરવાની મોરચાબંધી શરૂ કરી છે. ગ્રામ પંચાયતના ચુંટાયેલા સરપંચ પણ ગામના વિકાસના કામો કરાય અને ગામના હિતને ધ્યાનમાં રાખીને તેવા ડે.સરપંચ પદ માટે તમામ સભ્યોની સર્વ માન્યતા સાથે કોઈ એક ચુંટાયેલા સભ્યને ડે.સરપંચ બનાવવા માટેનો તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

તાજેતરમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં એવી સ્થિતી જોવા મળી રહી છે કે, સરપંચ પદ માટે સારા એવા મત થી વિજેતા બન્યા હોય તેવા સરપંચની પેનલના માંડ એક અથવા બે સભ્યો ચુંટાયેલ છે. તેવી ગ્રામ પંચાયતોમાં ડે.સરપંચ પદ માટે હોડલાગી છે અને સરપંચનું નાક દબાવી રહ્યા હોય તેવી સ્થિતી જોવા મળી છે. ગ્રામ પંચાયતની ચુંટણીમાં સામાન્ય સરપંચ સીટ હોય તેવી ગ્રામ એસ.સી., એસ.ટી. ડે.સરપંચ પદ માટેની જોગવાઈ હોય ગ્રામ પંચાયતોની ચુંટણી પુરી થયા બાદ પણ ગ્રામ્ય વિસ્તારોમાં ડે.સરપંચ પદ માટેની ગડમથલ અને દાવેદારીઓ ચાલી રહી છે. જે ગ્રામ પંચાયતોમાં ચુંટણી યોજાઈ છે. તેવી ગ્રામ પંચાયતોમાં ડે.સરપંચ પદ નકકી થયા બાદ ગ્રામ્ય વિસ્તારોના વિકાસના કામો શરૂ થશે.

# ગોધરા માર્કેટીંગયાર્ડ વિસ્તારના માતા-પુત્રને કોરોના પોઝીટીવ આવતાં હોમ આઈસોલેશ

ગોધરા,

ગોધરા શહેરના માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં આવેલી કોર્ટીયાર્ક સોસાયટીમાં રહેતી શિક્ષિકા મહીલા અને તેમના પુત્રનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતાં આરોગ્ય તંત્રના અમલદારો ચોંકી ઊઠવાની સાથે હરકતમાં આવી કોરોનાગ્રસ્ત મહિલા અને પુત્રને હોમ આઈશોલેટ કરવામાં આવ્યા હતા.

ગોધરા શહેર સહીત પંચમહાલ જીલ્લામાં કોરોના પોઝિટિવ કેસો મળવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ગોધરા કોર્ટીયાર્ક સોસાયટીમાં રહેતી મહીલા શિક્ષિકા અને તેમના પુત્રનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. જેના પગલે બન્નેને સારવાર અર્થે હોમ આઈશોલેટ કરવામાં આવ્યા હોવાનું આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. અત્યાર સુધીમાં પંચમહાલ જીલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૯૬૧૭ નોંધાઈ છે. જેમાં થી ૯૪૨૯ દર્દીઓને રજામાં આપવામાં આવી છે. જે પૈકી બે દર્દીઓને હોમ આઈશોલેટ કરવામાં આવ્યા છે. એકાએક કોરોના પોઝિટિવ કેસ મળી આવતા હવે આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. જેને લઈ સર્વેની કામગીરી પણ જારી કરી છે. સાથે ગોધરા સીવીલ હોસ્પિટલમાં ઓમિક્રોનના દર્દીઓ માટે જુદો વોર્ડ પણ તૈયાર કરવામાં આવ્યો છે, સાથે ૧૬૪૨ ઓક્સિજન બેડની સુવિધા સાથે તંત્ર સજજ હોવાનો દાવો કરી રહ્યું છે. જીલ્લાના દરેક તાલુકાને ઓક્સિજન પ્લાન્ટથી સજજ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# પંચમહાલ જીલ્લા પ્રાથમિક શિક્ષક ઘટક સંઘ દ્વારા સરકારને જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરાવવા અને અન્ય પ્રશ્નો સંદર્ભે ધરણાં કરી આવેદનપત્ર આપ્યું

ગોધરા,



પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઘટક સંઘ-દ્વારા જુની પેન્શન યોજના ચાલુ કરવા અને અન્ય પ્રશ્નો સંદર્ભે પંચમહાલ જિલ્લાનો ધરણાં કાર્યક્રમ ગોધરા ખાતે આવેલ લાલબાગ મેદાન ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પંચમહાલ જિલ્લાના સાત તાલુકના કોરોના ગાઈડ લાઈન પ્રમાણે ૪૦૦ની સંખ્યા માં હાજર રહ્યા હતા. એક દિવસના ધરણાં બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને આવેદન આપ્યું હતું. અખિલ ભારતીય પ્રા.શિ.સંઘ દ્વારા જુની પેન્શન યોજના ફરીથી તાત્કાલિક ચાલુ કરવી, સાતમા પગાર પંચના લાભો સમગ્ર દેશમાં સમાનરૂપે આપવા, જુદા જુદા નામથી રાજ્યોમાં ફરજ બજાવતા કરાર આધારિત શિક્ષકોને નિયમિત કરવાની ખાતરી તથા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં શિક્ષક વિરોધી જોગવાઈઓ દુર કરવાની મુખ્ય માંગણી કરાઈ હતી. ગુજરાત રાજ્ય પ્રા.શિ.સંઘ દ્વારા એસપીએલ રજા બાબતે નિર્ણય થવા, તા.૨૭ એપ્રિલ-૨૦૨૧ પહેલાં ભરતી થયેલ શિક્ષકોને નિવૃત્તિ સામે કાયમીના આદેશ થવા, દસ વર્ષના બોન્ડમાં ભરતી થયેલા શિક્ષકોની બોન્ડની મર્યાદા ઘટાડવા, એચ.ટાટ તથા પ્રાથમિક શિક્ષકોના મહેકમના સેટઅપની સંખ્યા સુધારવી, બદલીના નવા નિયમો ઝડપથી બહાર પાડવા તથા કોરોનાના કારણે સીસીસી પરીક્ષા લેવાયેલ ન હોય તો ૩૧ ડિસેમ્બર-૨૦૨૦ પછી મુદતમાં વધારો કરવા બાબતે માંગણીઓ કરવામાં આવી હતી. દરમ્યાન મોટી સંખ્યામાં અસરગ્રસ્ત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# કાલોલના ભુખી ગ્રામ પંચાયત પાસે પાણીની ટાંકી લીકેજને પાણીના ખાબોચીયા મચ્છરજન્ય રોગચાળાનો ભય



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના ભુખી ગ્રામપંચાયતના કમ્પાઉન્ડમાં પાણીની ટાંકી આવેલી છે. જે પાણીની ટાંકી લાંબા સમયથી જર્જરિત હાલતમાં જોવા મળી રહી છે. જેના કારણે પાણી લીકેજ થતા ગ્રામ પંચાયતના કમ્પાઉન્ડમાં જ પાણીના ખાબોચીયા ભરાતા હોય છે. જોકે ભુખી ગ્રામ પંચાયત ના વહીવટી તંત્રની બેદરકારીના કારણે ગ્રામ પંચાયત કંપાઉન્ડમાં લગાવેલ પેવર બ્લોક પણ તૂટી ટુકડા થઈ ગયા છે. તદુપરાંત પંચાયતમાં પાછળના વિસ્તારમાંથી પસાર થતા રસ્તા પર પાણી ભરાઈ જતાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત જણાઈ આવે છે. તેમજ મચ્છરોનો પણ ઉપદ્રવ થવાની શક્યતાઓ જોવા મળી રહે છે. જોકે ગામમાં રસ્તાઓ પર ગંદકી અને પાણી ભરાઈ જતા સ્થાનિક આરોગ્ય તંત્ર પણ આંખ આડા કાન કરી નિષ્ક્રિય હોય તેવું લાગી રહ્યું છે . ભુખી ગ્રામ પંચાયત નું વહીવટી તંત્ર સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડાડતાં હોય તેવું દ્રશ્યોમાં જોવા મળી રહ્યું છે . શું તંત્ર દ્વારા તાત્કાલિક દવાનો છંટકાવ અને પાણીનો નિકાલ કરી ગ્રામજનોમાં રોગચાળો ન ફેલાય તે બાબતે યોગ્ય પગલાં ભરી કામગીરી કરશે ? શું કાલોલ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગામડાઓની મુલાકાત લઈ સ્વચ્છતા તરફ ધ્યાન દોરવાશે...?

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ પંચમહાલ જિલ્લા દ્વારા સ્નેહમિલન યોજવામાં આવ્યું



ગોધરા,

ગોધરા શારદા મંદિરના પટાંગણમાં વિશાળ સંખ્યામાં ભૂદેવો ની ઉપસ્થિતિ માં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દર્ભાવતી ડભોઈના લોકલાડીલા ધારાસભ્ય શૈલષભાઈ સોટ્ટ, લુણાવાડાના લોકપ્રિય ધારાસભ્ય જીજ્ઞેશ ભાઈ સેવક, મહિલા અને બાળ વિકાસ બોર્ડ ના ચેરપર્સન જાગૃતિ બેન પંડ્યા, બ્રહ્મ સમાજના પ્રદેશ અધ્યક્ષ ભરતભાઈ રાવલ, પરિમલભાઈ પાઠક, પ્રદેશ ઉપાધ્યક્ષ આશિત ભટ્ટ, જિલ્લા અધ્યક્ષ કાર્તિક ત્રિવેદી, અર્પિત ઠાકર વિગેરે મહાનુભાવ ઉપસ્થિતિ રહિ સમાજ ને માર્ગદર્શન આપ્યું હતું.

જેમાં જણાવ્યું કે, હિંદુ ધર્મની રક્ષા માટે તેના સવર્ધન માટે બ્રાહ્મણ સંગઠિત હોવો જરૂરી છે. હજારો વર્ષ જૂની સંસ્કૃતિની રક્ષા માટે બ્રાહ્મણ સંગઠન જરૂરી છે. ત્યાર બાદ પ્રદેશ ઉપાધ્યક્ષ આશિત ભટ્ટે પંચમહાલ જિલ્લાના નવા સંગઠનની, નવા વરાયેલા પદાધિકારીઓની અને ગોધરા એકમના નવનિયુક્ત પદાધિકારીઓની જાહેરાત કરી હતી. જેને ઉપસ્થિત તમામ ભૂદેવો એ હર હર મહાદેવના જયઘોષ થી વધાવી લીધી હતી. જેમાં જિલ્લા અધ્યક્ષ તરીકે કાર્તિકભાઈ ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી હતી. જ્યારે ઉપાધ્યક્ષ તરીકે મનોજ જોશી, અમિત દવે, મિહિર જાની, અભય વ્યાસની નિમણૂંક કરવામાં આવી હતી. જીલ્લા મહામંત્રી તરીકે કુણાલભાઈ ત્રિવેદી, સંગઠન મંત્રી નરહરિભાઈ પંડ્યા, ઈલેક્ટ્રોનિક્સ મીડિયા સેલના અધ્યક્ષ તરીકે કંદર્પ પંડ્યા, પ્રિન્ટ મીડિયા સેલ દિવાકર શુક્લા, કોષાધ્યક્ષ શૈલેષ પંડ્યા, યુવા સંભાગ જિલ્લા અધ્યક્ષ તરીકે શિવમ પુરોહિત, ઉપાધ્યક્ષ તરીકે નૈનેશ ભટ્ટ, હર્ષિત ભટ્ટ તેમજ મહામંત્રી બ્રિજેશ ત્રિવેદી સંગઠન મંત્રી નૌકજભટ્ટ, જીગર ત્રિવેદી, ડોક્ટર સેલ જિલ્લા કન્વીનર ડોક્ટર રાજેશ રાવલ, મહામંત્રી ડોક્ટર શ્યામસુંદર શર્મા વિગેરેની નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારબાદ ગોધરા એકમના અધ્યક્ષ તરીકે હિતેશભાઈ ભટ્ટ, મહામંત્રી તરીકે કાંતિભાઈ પંડ્યા, યુવા સંભાગના અધ્યક્ષ તરીકે કૈવલ શુક્લા વિગેરે વિગેરેની નિમણૂંક જાહેર કરતાં હર હર મહાદેવ અને જય પરશુરામ નેહા જયઘોષથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું. ત્યાર બાદ આભાર વિધિ મહામંત્રી કુણાલ ત્રિવેદીએ કરી હતી.

# ગોધરા સ્ટુઅર્ટ લાયબ્રેરીની વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે મુલાકાત લઈ ૧ લાખનો ચેક અર્પણ કર્યો



ગોધરા,

ભારતમાં આવેલી ૪૦ પ્રાચીન લાઈબ્રેરીઓ પૈકી એક અને ગોધરાનો ઐતિહાસિક વારસા સમાન ૧૫૫ વર્ષ જૂની સ્ટુઅર્ટ લાઈબ્રેરી ગોધરાની મુલાકાત ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પંચમહાલ ડેરી તથા પંચમહાલ ડિસ્ટ્રીક બેંકના ચેરમેન જેઠાભાઈ ભરવાડે મુલાકાત લઈ વિઝીટર બુકમાં આ પ્રાચીન વારસાની પ્રશંસા કરી હતી. આવો અમૂલ્ય વારસો સાચવવા ટ્રસ્ટના પ્રમુખ બીપીનભાઈ શાહ, મંત્રી જૈમીનભાઈ શાહ, સંતુભાઈ શાહ,અંકિતભાઈ શાહ, ડોકટર સંજીવભાઈ કમોદિયા, પ્રદીપ સોની, અરૂણભાઈ પરીખ તથા કર્મચારીગણને અભિનંદન આપ્યા હતા. પંચમહાલ ડેરી તરફથી ૫૦ હજાર તથા પંચમહાલ ડીસ્ટ્રીક બેંક તરફથી ૫૦ હજારનો ચેક ટ્રસ્ટના પ્રમુખ બીપીનભાઈ શાહને અર્પણ કર્યો હતો. સહકારી સંસ્થાઓ દાતાઓને આ અમૂલ્ય વારસાને સાચવવા દાન માટે અપીલ કરી હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ સંજયભાઈ સોની સભ્યો તથા ડિસ્ટ્રીક્ટ બેંકના જનરલ મેનેજર ગોપૂભાઈ શાહ હાજર રહ્યા હતા. લાઈબ્રેરીની રસપ્રદ માહિતી જૈમિનભાઈ શાહે આપી હતી.

# શહેરા નગરપાલિકા ટાઉન હોલ ખાતે કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનો નવા વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરના મુખ્ય તળાવ નજીક આવેલ નગરપાલિકા ટાઉન હોલ ખાતે પૂર્વ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનો નવા વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખ ચમનભાઈ પાચાણી, મંત્રી ઈશ્વરભાઈ વાઘડીયા, યુવક મંડળના પ્રમુખ ધનસુખભાઈ શેઠીયા અને મંત્રી વિવેકભાઈ નાથાણીની ખાસ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં કોરોના કાળ દરમિયાન મૃત્યુ પામેલા સ્નેહીજનોને યાદ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી, સાથે જ લોકડાઉન દરમિયાન ઓનલાઈન ગેમનું ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તો આ કાર્યક્રમમાં ઉપસ્થિત વડીલોને સાલ ઓઢાડી તેમનું સન્માન કરી સરસ્વતી સન્માન ઈનામ અપાયું હતુ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાતા હતા. આ કાર્યક્રમમાં માર્ગદર્શક તરીકે રીતેશભાઈ શેઠીયાએ પોતાની ફરજ નિભાવી હતી. નગરપાલિકા ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ત્રણેય જિલ્લામાં સમાવેશ થતાં શહેરા, ગોધરા, દાહોદ, લુણાવાડા, સંતરામપુર, લીમડી અને ઝાલોદના કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુખી જળાશય યોજનાના ૧૦ શ્રમયોગીને તમામ લાભો આપવા અને સળંગ નોકરીમાં પૂનઃ સ્થાપન કરવા હાઈકોર્ટનો હુકમ

ગોધરા,

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સુખી જળાશય યોજના પંચમહાલના જાંબુઘોડા પાવીજેતપુર અને બોડેલીના ૧૦ જેટલા શ્રમયોગીઓ ને મજુર અદાલત ગોધરાનો થયેલ હુકમ મોડીફાઈ કરી સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબના તમામ લાભો આપવા અને સળંગ નોકરીમાં પુનઃસ્થાપન કરવા અંગેનો આદેશ થતા કામદાર આલમમાં આનંદની લહેર પ્રવર્તી છે.

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા પાવીજેતપુર અને તેની વડી કચેરી વડોદરા હેઠળનીસુખી જળાશય યોજનામાં સન-૧૯૯૨ ના વર્ષોથી રોજમદાર તરીકે ફરજ બજાવતા છત્રસિંહ એમ બારીયા ગોપાલભાઈ કે બારીયા હીરાભાઈ આર બારીયા કરસનભાઈ કે. બારીયા, નટુભાઈ આર. બારીયા, પર્વત બી સ્વ. વેચાતભાઈના વારસ પુત્ર પરસોતમ વી. બારીયા, સોમાભાઈ બારીયા અને વિઠ્ઠલ ડી. બારીયા અને તેમની લાંબા સમયની નોકરી માંથી સંસ્થાના વહીવટદારોએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય તેમની કાયમી પ્રકારની કામગીરી માંથી ગેરકાયદેસર રીતે આઈ ટી એક્ટ ની કલમ ૨૫ એચ અને ૨૫ એફનો ભંગ કરી તારીખ ૧૫/૬/૯૮ થી નોકરીમાંથી છૂટા કરી દેતા સામૂહિક કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરી તેમને થયેલા અન્યાય બાબતે નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦/૧ હેઠળ પડેલા દિવસોના પૂરેપૂરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા બાબતે તથા સરકારના પરિપત્રના તમામ લાભો મેળવવા ફરિયાદ દાખલ કરેલ જે કેસ ચાલી જતા ફેડરેશનના એડવૉકેટ સંતોષ એ ભોઈ તથા વૈભવ આઈ. ભોઈ દ્વારાનામદાર મજુર અદાલત ગોધરા સમક્ષદલીલો કરતા નામદાર મજુર અદાલતના ન્યાયાધીશ દ્વારા ૧૦ જેટલા કામદારોને છુટા કરવાનું પગલું ગેરવ્યાજબી ગેરકાનૂની તથા મજુર કાયદાનો ભંગ કરવાનું જાહેર કરી પુનઃ સ્થાપિત કરવા તથા પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક રકમ રૂા. ૭૦૦૦૦ તથા ખર્ચની રકમ રૂપિયા ૧૦૦૦ ચૂકવવાનો આદેશ ફરમાવેલ જે આદેશથી શ્રમયોગી નારાજ થઈ તે જે હુકમ પડકારવા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફેડરેશન દ્વારા એસ.સી.એ દાખલ કરેલ જે કામે કામદારો તરફે ફેડરેશનના એડવૉકેટ દીપક દવે હાજર થઈ નામદાર મજુર અદાલત ગોધરામાં થયેલા હુકમને પડકારતાં તેને લગતા જરૂરી દસ્તાવેજો રજુ કરી દલીલો કરેલ તેમની દલીલમાં જણાવ્યા મુજબ મજુર અદાલત ગોધરા દ્વારા ૧૦ કામદારોને નોકરીમાંથી છૂટા કરવા નું કૃત્ય ગેરકાયદે ઠેરવી તેમની સળંગ નોકરી ઘણી અનૂસંગિક લાભુ સહિત નોકરી ની જગ્યાએ રૂપિયા ૭૦,૦૦૦ તથા ખર્ચની રકમ રૂપિયા ૧૦૦૦ ચૂકવવાનો આદેશ કરે તે આદેશ રદ જાહેર કરી કરી તે કામદારોને પડેલા દિવસોના પૂરે પુરા પગાર સહિત તેમની સળંગ નોકરી ગણી તેના આધારે સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ પરિપત્ર ના તમામ લાભો સહિત તેમની મૂળ જગ્યાએ પ્રસ્થાપિત કરવા બાબતે ધારદાર દલીલો કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ એ એસ સુપ્રિયા સાહેબે કામદારો તરફ થયેલ દલીલો ધ્યાને લઈ મજુર અદાલત ગોધરા નો હુકમ મોડીફાઈ કરી કામદારોને પડેલા દિવસોના પગાર સિવાય સળંગ નોકરી ઘણી તમામ અનૂસંગિક લાભો સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગે નો આદેશ ફરમાવેલ છે, તેમજ સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રોનો પણ લાભ આપવા માટે આદેશ કરતા જે આદેશથી આ કામદારોની સળંગ નોકરી ગણાતા તેઓને તમામ આનૂસાંગિક લાંભો સહિત સરકાર ના પરિપત્ર મુજબ ના તમામ લાભો જેવા કે, પાંચ વર્ષથી નોકરી પૂર્ણ કરી હોય તેઓ રૂપિયા ૭૫૦ બેઝિક તથા અન્ય ભથ્થાઓ ત્યારબાદ પાંચ-દસ અને ૧૫ વર્ષની નોકરી મુજબ ઈજાફા ઓ તથા તમામ પ્રકાર એલાઉન્સ જેવા કે એચ.આર.એ મેડીકલ ૩૦૦ રજા એલ.ટી.એ જૂથ વીમા યોજના તદુપરાંત મળવાપાત્ર તમામ લાભો આપવાનો આદેશ ફરમાવેલ છે. જે આદેશ થકી ૧૦ જેટલા કર્મચારીઓ અને તેમના પરિવારોને પુનઃ જીવતદાન મળતા સિંચાઈ વિભાગના તમામ કામદારોમાં આનંદની લહેર પ્રવર્તી છે. આ તમામ કામદારોના પરિવારોએ ગુજરાત સ્ટેટફે ડરેશનના મળેલા સહકાર બદલ અંતઃકરણથી આભાર માનેલ છે.

# હાલોલના કંજરી રોડ ઉપર દબાણ અને ગંદકીની સમસ્યાથી પરેશાન સોસાયટીની મહિલાઓ દ્વારા પાલિકા ચીફ ઓફિસરનો ઘેરાવો કર્યો





તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ નગરના કંજરી રોડ ખાતે આવેલ આઠ જેટલી સોસાયટીઓ ના રહીશોને તેઓના મુખ્ય માર્ગ પર દબાણના પગલે તેમજ જાહેર માર્ગોપર ગંદકીના સાશમ્રાજય ને લઈને આ સોસાયટીની મહિલાઓ નગરપાલિકા કચેરી ખાતે આવી નગરપાલિકાના ચીફ ઓફિસરનો ઘેરાવો કરી સ્થળ પર પરીક્ષણ કરવા માટે ચીફ ઓફિસર ને લઈ ગયા હતા.

હાલોલ નગરના હાર્દ સમા કંજરી રોડ ખાતે આવેલ મંગલમૂર્તિ રેસીડેન્સી ૧, મંગલમૂર્તિ રેસિડેન્સી ૨, દ્વારકેશ ડુપ્લેક્સ, વ્રજ વાટીકા, સાઈનાથ રેસીડેન્સી, શ્રીજી કૃપા સોસાયટી, ચિત્રકૂટ ૨, તેમજ મંગળ પાર્ક સોસાયટીના રહીશો દ્વારા છેલ્લા એક વર્ષથી સોસાયટી ના મુખ્ય માર્ગો પર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટી નીકળ્યો હોય તેમજ આ આઠ સોસાયટીઓના રહીશોને આવવા-જવાના મુખ્ય માર્ગ પર ગંદકીના સામ્રાજયની લઈને ગંદકી એટલી બધી વધુ માત્રામાં હોય પગ મૂકવાની પણ જગ્યા બચેલ ન હોય આ અંગે યોગ્ય કરવા માટે છેલ્લા એક વર્ષથી આ સોસાયટીઓના રહીશો દ્વારા લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં તેઓ ની સમસ્યાનો કોઈ નિકાલ આવ્યો ન હતો.

જયારે આ આઠ સોસાયટીઓની મહિલાઓ મોટી સંખ્યામાં સાંજના ૫.૦૦ કલાકે નગરપાલિકા કચેરી ખાતે આવી નગરપાલિકાના ચીફ ઓફિસર નો ઘેરવો કરી સમગ્ર મામલાને લઈને ઉગ્ર રજૂઆત કરતા એક તબક્કે મામલો ગરમ થઈ ગયો હતો. જયારે આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર આવતીકાલે સ્થળ વિઝિટ કરવા માટેનું પ્રાથમિક તબક્કે જણાવતા મહિલાઓમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. જેને લઈને મહિલાઓ દ્વારા ચીફ ઓફિસરને તાત્કાલિક સ્થળ તપાસ કરવા માટે આગ્રહ રાખવામાં આવતા અંતે એક કલાક જેટલી ઉગ્ર રજુઆતો બાદ ચીફ ઓફિસર સ્થળ પર નિરીક્ષણ કરવા માટે ગયા હતા. તે સમયે તેમની સાથે સ્થાનિક કોર્પોરેટરો પણ સ્થાનિકોની સમસ્યા સાંભળવા હાજર રહ્યા હતા.

રજૂઆત કરવા આવેલ મહિલાઓના જણાવ્યાનુસાર સમગ્ર બાબતને લઈને છેલ્લા એક વર્ષથી અમારી ઉગ્ર રજૂઆતો ચાલી રહી છે. આ ઉપરાંત તા ૩.૧૦. ૨૦૨૦ ની અરજીના સંદર્ભે નગરપાલિકાના ચીફ ઓફિસરે સ્થળ પર મુલાકાત પરંતુ આજ સુધી કોઈ પણ પગલા ભરવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ રજૂઆત કરતી મહિલાઓ દ્વારા કરવામાં આવ્યો હતો.

રજૂઆત કરવા આવેલ મહિલાઓ ચીફ ઓફિસર સ્થળ પર નિરીક્ષણ કરવા માટે આવવાનું જણાવતા ચીફ ઓફિસરે આવતી કાલે આવીશ તેમ જણાવતા મામલો બીચકયો હતો. અંતે મહિલાઓના ઉગ્ર પ્રદર્શન સાથે આક્રોશને જોઈ ચીફ ઓફિસર મહિલાઓ સાથે સ્થળ નિરીક્ષણ કરવા ગયા હતા.